MUKESH

GABANI

PRESENTATION

9925508712

મુઈશા

ડાાબાાધા

પ્રફુલ્લ પ્રા. ઠાકોર

## પૂર્વજોનો પરિચય

મહારાષ્ટ્રમાં પરભણી નામનો જિલ્લો છે. તેમાં નરસી બ્રાહ્મણી નામનું ગામ છે.

આશરે ૮૦૦ વર્ષે પૂર્વે યદુશેઠ રેળેકર નામના દરજી કાપડ વેચવાનો ધંધો કરતા હતા. યદુશેઠ જબરા ભક્ત અને એકવચની હતા. શક્તિ પ્રમાણે અતિથિ-અભ્યાગતોની સેવા કરતા. ધર્મપત્ની પણ એવાં જ પતિવ્રતા હતાં. મોટી ઉંમરે એક પુત્ર અવતર્યો. તેનું નામ રાખ્યું હરિશેઠ. તે પણ પિતાના જેવા જ ભક્ત પાક્યા. તેમની બુદ્ધિ ને ભક્તિ જોઈ ચિમણશેઠ સનટક્કે નામના ગૃહસ્થે બાયજાબાઈ નામની કન્યા હરિશેઠ જોડે પરણાવી.

ઘણા લોકોને પંઢરપુરની યાત્રાએ જતાં જોઈ એક વાર હરિશેઠને પણ ત્યાં જવાનું મન થયું. તેઓ ત્યાં ગયા. ત્યાંના પવિત્ર વાતાવરણની એટલી ઊંડી અસર પડી કે, પાછા ફર્યા પછી પણ અષાઢ મહિનાની પૂનમે પંઢરપુરનો મોટો મેળો ભરાય છે તેમાં નિયમિત જવાનું તેમણે નક્કી કર્યું.

થોડા દિવસ બાદ હરિશેઠના પિતા યદુશેઠનું અવસાન થયું. તેમનાં પતિવ્રતા પત્ની તેમની પાછળ સતી બન્યાં.

માતાપિતાનાં એકાએક થયેલાં અવસાનથી હરિશેઠના અંતરે ઊંડો ભારે આઘાત અનુભવ્યો. તેનો ભાર હળવો કરવા બમણા જોરથી પ્રભભક્તિ કરવા માંડી.

થોડા દિવસ બાદ હરિશેઠને ત્યાં પુત્રજન્મ થયો. નામ રાખ્યું ગોપાળ શેઠ. હરિશેઠે ગોપાળને સારી રીતે ભણાવ્યો. તે પંદર વર્ષનો થતાં માધવશેઠ કોરડે નામના દરજી ગૃહસ્થની કન્યા ગંગાબાઈ સાથે લગ્ન લીધાં. હજી તો લગ્નના આનંદમાં બધાં મહાલતાં હતાં ત્યાં બાયજાબાઈનું અણધાર્યું અવસાન થયું.

હરિશેઠને ભારે આઘાત લાગ્યો. દુનિયા પરથી દિલ ઊઠી જવા લાગ્યું.

દુકાનની જવાબદારી દીકરાને સોંપી દઈ પ્રભુભક્તિમાં દિવસો પસાર કરવા માંડ્યા.

ગોપાળશેઠને ત્યાં બે વર્ષને આંતરે બે પુત્રોના જન્મ થયા.

મોટાનું નામ ગોવિંદશેઠ રાખ્યું. નાનાનું નામ રઘુશેઠ રાખ્યું.

અષાઢ મહિનાની પૂનમે પંઢરપુર જવાનો હરિશેઠનો નિયમ હજુ ચાલુ જ હતો, પરંતુ પોતાના મૃત્યુ પછી આ નિયમ કોણ ચાલુ રાખશે તેની ચિંતા થયા કરતી.

પિતાની આ ચિંતા જોઈ ગોપાળશેઠે કહ્યું : "બાપાજી, તમારાથી આ નિયમ પળાય ત્યાં સુધી પાળજો. એ પછી તમારા વતી હું જરૂર જઈશ."

હરિશેઠની ચિંતા આથી દૂર થઈ. એ પછીની અષાઢી પૂનમને દિવસે પૂછ્યું :

"બાપા, આ વખતે તમે જાઓ છો કે હું જાઉં ?"

હરિશેઠે કહ્યું, "હવે હું ઘણો ઘરડો થઈ ગયો છું, એટલે આ છેલ્લી વાર હું જ જઈ આવું. પછીથી તું જજે."

આમ કહી, છોકરાની રજા લઈ હરિશેઠ પંઢરપુર ઊપડ્યા. એકાદશીને દિવસે ચંદ્રભાગા નદીમાં સ્નાન કરી મંદિરમાં ગયા અને ભગવાનને ચરણે માથું મૂકી બોલ્યા :

"પ્રભો, હવે શરીર તદ્દન લથડ્યું છે, એટલે તારાં દર્શને નહિ આવી શકું. મને તારાં ચરણોમાં જ સમાવી દે એટલે પત્યું."

આટલું બોલતાં જ હરિશેઠના પ્રાણ ત્યાં ને ત્યાં જ પરલોકને પંથે પ્રયાણ કરી ગયા.

આ બાજુ ગોપાળશેઠ વેપારમાં અને સંસારમાં એટલા બધા વ્યસ્ત મને મસ્ત હતા કે પંઢરપુરથી પાછા ફરેલા યાત્રાળુઓને મોંએ પિતાના અવસાનના સમાચાર સાંભળી દિલને દુઃખ થયું. પણ "તમારા પછી પંઢરપુર જવાનો નિયમ ચાલુ રાખીશ." એવું પિતાને આપેલું વચન વીસરી ગયા. લોકોએ આ વચન સંભારી આપ્યું તોય તેમણે દરકાર ન કરી.

ઉપરના બનાવ બાદ કેટલાક દિવસ પછી તેમની પત્ની ગંગાબાઈ અને નાના પુત્ર રઘુશેઠનાં આકસ્મિક અવસાન બે દિવસને આંતરે જ થયાં.

ગોપાળ શેઠને હવે ભાન થઈ આવ્યું કે પિતાને આપેલું વચન મેં પાળ્યું નહિ તેનું જ આ બૂરું પરિણામ છે. એ પછી પંઢરપુર જવાનો નિયમ તેમણે કદી તોડ્યો નહોતો.

મોટા પુત્ર ગોવિંદશેઠને ત્યાં બે પુત્રો જન્મ્યા.

મોટા પુત્રનું નામ નરહરશેઠ અને નાનાનું નામ જીવાજીશેઠ રાખ્યું.

આ બે બાળકોએ નાનપણથી જ પ્રભુભક્તિમાં ઊંડો રસ લેવા માંડ્યો હતો.

ગોપાળશેઠના મૃત્યુ પછી ગોવિંદશઠે પંઢરપુર જવાનો નિયમ ચાલુ રાખ્યો હતો.

તેમણે નરહર અને જીવાજીને તે જમાનામાં સારું ગણાવી શકાય એવું શિક્ષણ આપ્યું.

એકવાર દિવાળીના તહેવારોમાં ગોવિંદશેઠને મન થઈ આવ્યું કે, આ વખતે દિવાળીમાં કુટુંબ સાથે પંઢરપુર જવું અને કાર્તિકી પૂનમને દિવસે શ્રીવિઠ્ઠલનાથનાં દર્શન કરવા.

તેમણે પત્નીને આ વિચાર જણાવ્યો. તે વખતે જીવાજીની તબિયત સારી નહોતી. તેથી રાસાબાઈએ પંઢરપુર જવાની ના પાડી અને ગોવિંદશેઠને પણ પંઢરપુર ન જવાનું કહ્યું.

પણ પત્નીની વાત અવગણીને ગોવિંદશેઠ નરહરને લઈ પંઢરપુર ગયા.

રાસાબાઈ જીવાજીને લઈ પિયર ગયાં અને ત્યાં એકાએક તેમનું અવસાન થયું.

ગોવિંદશેઠ પંઢરપુરથી પાછા ફર્યા ત્યારે ઉપરની હકીકત જાણી.

તેઓ જીવાજીને પોતાને ત્યાં બોલાવી લાવ્યા.

બંને દીકરા ઉમ્મરલાયક થતાં નરહરનું લગ્ન બુધાજી માણકેની કન્યા લિંબાબાઈ સાથે અને જીવાજીનું લગ્ન પાંઢરકામે નામના એક ગૃહસ્થની કન્યા કાશીબાઈ સાથે કર્યું.

પિતા જોડે પંઢરપુરનું પવિત્ર વાતાવરણ નરહરે જોયું હતું ને તે ખૂબ ગમી ગયું હતું. ગોવિંદ શેઠની સાથે તે વચ્ચે વચ્ચે પંઢરપુર જતો હતો.

નરહરશેઠને એક પુત્ર થયો. નામ રાખ્યું દામાશેઠ. જેમનું જીવનચરિત્ર આજે વાંચીએ

છીએ તે સંતશિરોમણી નામદેવના એ પિતા થાય. દામાશેઠ પાંચ-છ વર્ષના હતા ત્યારે તેમના દાદા ગોવિંદશેઠનું અવસાન થયું. ગોવિંદશેઠ પછી પંઢરપુર જવાનો નિયમ નરહરશેઠે ચાલુ રાખ્યો. એક વર્ષે નરહરશેઠ સહકુટુંબ પંઢરપુની યાત્રાએ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં જ તેમની તથા તેમની પત્નીની તબિયત એકાએક બગડી. યાત્રા પૂરી કરવાની જવાબદારી દામાશેઠને માથે નાખી, એ પતિપત્ની ત્યાં જ અવસાન પામ્યાં.

દામાશેઠને દુઃખ તો ઘણું થયું, પણ પિતાએ સોંપેલી જવાબદારી બરાબર અદા કરી.

થોડા દિવસે મોસાળ રહ્યા બાદ દામાશેઠ નરસી બ્રાહ્મણી પાછા ફર્યા અને કલ્યાણીના ગોવિંદશેઠ સોદાગરની કન્યા સાથે લગ્ન કર્યાં.

પિતા નરહરશેઠની માફક દામાશેઠ પણ સદાચારી, સદ્‌ગુણી, પરોપકારી અને શ્રીવિઠ્ઠલના એકનિષ્ઠ ભક્ત હતા.

ધર્મપત્ની ગોંણાઈ પણ પતિના જેવાં જ શુદ્ધ આચરણવાળાં ને શ્રીવિઠ્ઠલના ભક્ત હતાં.

ઘણાં વર્ષો સુધી ગોણાઈને એક પણ બાળક ન થયું.

તેથી દામાશેઠ અને ગોંણાઈ બંનેને ભારે નિરાશા ઊપજી.

બાળક માટે ભક્તિપૂર્વક વધુ નિષ્ઠાથી શ્રીવિઠ્ઠલનું સ્મરણ કરવા લાગ્યાં.

ભગવાનને ભક્તોની ઘણી ચિંતા રહે છે. ભક્તને જે કંઈ મુશ્કેલી નડે છે તે જાતે દૂર કરે છે. ભક્તની ઈચ્છા પાર પાડવાની વાતને તે ફરજ સમજે છે.

શ્રી વિઠ્ઠલની કૃપાથી શક ૧૧૯૨ કાર્તિક સુદ ૧૧ ને દિવસે દામાશેઠને ત્યાં એક પુત્ર જન્મ્યો. પુત્રનો જન્મ થતાં પતિપત્નીના આનંદનું તો પૂછવું જ શું ?

પુત્રનું સુંદર મુખ જોઈ મનોમન શ્રીવિઠ્ઠલનો ઉપકાર માનવા લાગ્યાં.

બાળકનું નામ રાખ્યું નામદેવ. નામદેવને નાની બહેન હતી, જેનું નામ આઉબાઈ હતું.

## બાળપણ અને અભ્યાસ

ઘરમાં માતાપિતાને ભક્તિ કરતાં જોઈ બાળક નામદેવને પણ નાનપણથી જ વિઠ્ઠલભક્તિની લગની લાગી.

તે માટીની મૂર્તિ બનાવતા, લાકડી ઉપર ચીંથરું બાંધી ધજા બનાવતાં.

પછી હાથમાં મંજિરાં લઈ ભજન કરતા.

આ ભક્તિ જોઈ દામાશેઠ અને ગોંણાઈને ઘણો સંતોષ થયો.

ગામમાં કોઈ સાધુસંત આવી ચઢે તો નામદેવને ઉરે અતિશય આનંદ ઉભરાતો.

જેટલા દિવસ તે ગામમાં રહે તેટલા દિવસ નિયમિત તેમની પાસે જાય અને જે ઉપદેશ આપે તે ધ્યાનપૂર્વક સાંભળે. ઘર આગળ કોઈ સાધુ-વૈરાગી ભિક્ષાર્થી આવે તો ઘણા ખુશ થઈ ભિક્ષા આપતા.

નરસી બ્રાહ્મણી ગામની બહાર પાંડુરંગનું મંદિર હતું. દામાશેઠ રોજ દર્શનાર્થે જતા.

દેવને નૈવેદ્ય ધરાવવા વાડકીમાં દૂધ લઈ જતા.

પાંડુરંગની મૂર્તિ આગળ દૂધ ધરાવી ઘેર પાછું લાવતા.

એકવાર દામાશેઠને કંઈ કામ માટે બહારગામ જવાનું થયું.

જતી વખતે પાંડુરંગને દૂધ ધરાવી આવવાનું કામ નામદેવને સોંપ્યું.

દામાશેઠના કહેવા પ્રમાણે ગોંણાઈએ વાડકીમાં દૂધ આપ્યું અને મંદિરમાં જઈ ધરાવી

આવવાનું નામદેવને કહ્યું.

દૂધની વાડકી લઈ નામદેવ મંદિરમાં ગયા. પાંડુરંગની મૂર્તિ આગળ વાડકી મૂકી.

પછી આંખો બંધ કરી ભગવાનનું ભજન કરવા લાગ્યા. થોડી વારે આંખ ઉઘાડી.

વાડકી સામે નજર નાખી તો દૂધ એમનું એમ જ પડી રહ્યું હતું !

પોતે આણેલું દૂધ પ્રભુ પીતા નથી એમ સમજી નામદેવના દિલને દારુણ દુ:ખ થયું.

પાંડુરંગને બે હાથ જોડી કહ્યું, "ભગવન્, હું નાનો છું એટલે મારા હાથનું દૂધ નથી પીતા કે ? મેં આણેલું દૂધ પીવું જોઈશે. નહિ પીઓ તો તમારા પગ આગળ માથું પછાડી મૃત્યુ પામીશ !"

પાંડુરંગને આટલી વિનંતિ કરી, આંખો બંધ કરી, નામદેવ ફરીથી ભજન કરવા લાગ્યા.

થોડી વાર પછી આંખો ઉઘાડી જુએ છે તો દૂધ એમનું એમ જ પડ્યું હતું.

ભગવાન દૂધ પીતા નથી એ જોઈ નામદેવને ભારે ખેદ થયો.

તે મરવા તૈયાર થયા. આ બાલભક્તનો દૃઢ નિશ્ચય જોઈ ભગવાનને ઘણો સંતોષ થયો.

જ્યાં નામદેવ પથ્થર ઉપર માથું અફળાવવા જાય છે ત્યાં જ ભગવાને બે હાથ જોડી વાડકી ઊંચકી અને ગટગટ કરતાં દૂધ પી ગયા !

નામદેવે ભગવાનનાં ચરણો ચૂમ્યાં અને પ્રભુનો આશીર્વાદ લીધો. ભગવાન જાતે દૂધ પી ગયા તેથી તેમના આનંદનું તો પૂછવું જ શું ! ખાલી વાડકી લઈ તે ઘેર આવ્યા.

ખાલી વાડકી સાથે નામદેવ ઘેર પાછા ફર્યા છે તે ગોંણાઈએ જોયું. એટલે પૂછ્યું:

"નામ્યા, વાડકીમાંનું દૂધ ક્યાં ગયું ?"

નામદેવે સરળ હૃદયે કહ્યું : "તે તો ભગવાન પી ગયા !"

ગોંણાઈને આ વાત સાચી ના લાગી. કહ્યું : "અરે, તદ્દન લબાડી જ કરે છે ને ? પથ્થરની મૂર્તિ તે વળી કંઈ દૂધ પીતી હશે ? રસ્તામાં ઢીંચી ગયો હોઈશ, યા તો ક્યાંક ઢોળી નાખ્યું હશે."

નામદેવ કહેઃ "મા, ખરેખર મેં દૂધ પીધૂં નથી કે ઢોળ્યું પણ નથી. ભગવાન જાતે જ વાડકી ઊંચકી બધું દૂધ ગટગટાવી ગયા. મારી વાત ગળે ન ઊતરતી હોય તો કાલે મારી જોડે મંદિરમાં આવજે અને હું સાચું કહું છું કે ખોટું તે નજરોનજર નિહાળજે."

આમ છતાં ગોંણાઈને નામદેવની વાત સાચી લાગી નહિ અને ફરીથી આવું ખોટું ન બોલવાનું સમજાવ્યું.

બીજે દિવસે ગોંણાઈએ નામદેવને વાડકીમાં દૂધ આપી મંદિરે મોકલ્યો.

નૈવેદ્ય ધરાવી ખાલી વાડકી સાથે નામદેવ પાછો ફર્યો. હવે તો ગોંણાઈને નામદેવ ઉપર પૂરેપૂરો વહેમ આવ્યો, નામદેવ દૂધ પી જાય છે એવી પાકી ખાતરી થઈ ગઈ.

આ માટે નામદેવને ખૂબ ધમકાવ્યો.

બેત્રણ દિવસ બાદ દામાશેઠ બહારગામથી પાછા ફર્યા ત્યારે ગોંણાઈએ નામદેવની બધી વાત કહી. નામદેવ કદી ખોટું બોલે નહિ એવી દામાશેઠને પાકી ખાતરી હતી. પણ નામદેવ ભગવાનની ભક્તિ કરે છે તેથી દેવ તેના હાથનું દૂધ પી જતા હશે એ વાત ઉપર તેમને પણ વિશ્વાસ બેસતો નહોતો.

નામદેવ સાચું કહે છે કે ખોટું તેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. બીજે દિવસે ગોંણાઈએ નામદેવના હાથમાં વાડકી મૂકી અને મંદિરે જઈ તે દૂધ ધરાવી આવવાનું કહ્યું.

હાથમાં વાડકી લઈ નામદેવ મંદિરે જવા નીકળ્યા.

નામદેવ ના જાણે તેમ દામાશેઠ પાછળ પાછળ ગયા.

રોજના નિયમ પ્રમાણે નામદેવે ભગવાનને દૂધ પી જવાની વિનવણી કરી.

આ બાળભક્તની ભક્તિથી ભગવાન ઘણા ખુશ થયા હતા. વાડકી ઉપાડી બધું દૂધ ગટગટાવી ગયા ! પાછળ ઊભા ઊભા દામાશેઠ આ બધું જોતા હતા.

નામદેવની એકનિષ્ઠ ભક્તિ જોઈને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતાના પુત્રની ઈશ્વરભક્તિનાં વખાણ કરતાં કરતાં તે ઘેર આવ્યા અને ગોંણાઈને બધી હકીકત કહી.

નામદેવની આવી ઈશ્વરભક્તિ જોઈ ગોંણાઈને પણ નરી નવાઈ લાગી.

પાંચ વર્ષની વયે નામદેવને નિશાળે મૂકવામાં આવ્યા. આજે ગામેગામ જેવી સરકારી શાળાઓ છે તેવી તે જમાનામાં નહોતી. તે વખતે તો ખાનગી ગામઠી શાળાઓ હતી. તે વખતના વિદ્યાર્થીઓ એમાં ભણતાં. આજે તો ભણવાની પદ્ધતિ ઘણી સહેલી બની છે, પણ નામદેવના જમાનામાં નિશાળે જવું એ કેદખાનામાં જવા બરોબર ગણાતું.

ભણવામાં જરાક ભૂલ થાય તો શિક્ષકની સોટીનો માર ખાવો પડે.

પહેલેથી જ નામદેવ ચકોર હતા. ગમે તેવો અઘરો વિષય સમજાવવામાં આવે તો તે તુરત સમજી જતા. વળી, તેઓ ભણવા પાછળ ભારે મહેનત કરતા.

શાળામાં જે કંઈ શિખવાડવામાં આવે તે ખૂબ જ ખંતથી શીખી લેતા.

નામદેવ જેવા હોશિયાર અને મહેનતુ વિદ્યાર્થી ઉપર શિક્ષકના ચારેય હાથ હોય એ સમજી શકાય એવું છે. દરેકને મોંએ તે નામદેવનાં ભારોભાર વખાણ કરતા.

નામદેવને પણ શિક્ષક માટે એટલું જ માન હતું.

શિક્ષક જે કંઈ કરવાનું કહે તે હસતે હૈયે કરતા. તેમની કોઈ વાત ઉથાપતા નહિ.

નામદેવના સમયમાં ગણિત, હિસાબ અને વાચન એ મુખ્ય વિષયો હતા.

આમાં છોકરો તૈયાર થાય એટલે તે ભણેલોગણેલો મનાતો.

આ બધા વિષયોમાં તે સારા એવા હોશિયાર બન્યા હતા.

## ખરાબ સોબતે

નામદેવ આઠ વર્ષનાં થતાં દામાશેઠે તેમનું લગ્ન કરી નાખવાનું નક્કી કર્યું.

બેદર ગામમાં ગોવિંદરાય સદાવર્તે નામના શ્રીમંત ગૃહસ્થ રહેતા હતા. તેમને રાજાઈ (રાજાબાઈ) નામની કન્યા હતી. દેખાવમાં સુંદર શરીરવાળી અને ચકોર બુદ્ધિની હતી.

આ કન્યા માટે દામાશેઠે સામેથી માગું કર્યું.

દામાશેઠના ઘરની સ્થિતિ ઘણી સારી છે એ ગોવિંદરાવ જાણતા હતા. વળી નામદેવનાં પણ ઘણાં વખાણ બીજાને મોંએ સાંભળ્યાં હતા. એટલે દામાશેઠની વાત કબૂલ કરી.

નામદેવ સાથે રાજાઈનાં લગ્ન થઈ ગયાં.

નાનપણમાં નામદેવ ખરાબ સોબતે ચડી ના જાય એ માટે દામાશેઠ અને ગોંણાઈ તાતી તકેદારી રાખતાં.

નામદેવ મોટા થતા ગયા, તેમ તેમ ગામના ખરાબ લોકોની સોબતમાં આવતા ગયા.

તેમની સોબતને કારણે ભક્તિ કરવાનું છોડી દીધું અને તેમની સાથે નાની નાની ચોરીઓ કરવાનું ચાલુ કર્યું !

એકવાર નાની ચોરીને ચસકે ચડ્યા પછી ધીરે ધીરે મોટી ચોરીઓ કરતાં પણ માણસ ખચકાતો નથી. નામદેવના માટેય તેવું જ બન્યું. નાની ચોરીઓમાંથી હવે મોટી લૂંટો ચલાવવાની શરૂ કરી. મિત્રો સાથે તેઓ જંગલમાં છુપાઈને બેસતા અને રસ્તે જતા-આવતા લોકો ઉપર હુમલો કરી, મારી-પીટી, માલમત્તા લૂંટી લેતા.

લૂંટારા મિત્રોમાં નામદેવની આબરૂ ઘણી ઊંચી હતી. તેઓ તેમને પોતાના સરદાર માનતા અને તેમનું કહ્યું કરતા.

માતાપિતાએ આ માર્ગ છોડી દેવા ખૂબ ખૂબ સમજાવ્યા, પણ એ એકનો બે ન થયો.

નામદેવે પોતાના ધંધો ન છોડ્યો તે ન જ છોડ્યો.

એકના-એક પુત્રની આવી ખાનાખરાબી જોઈ માબાપ મૂંઝવણમાં મૂકાઈ ગયાં.

દીકરાના ભાવિ માટે તેમને ઘેરી ચિંતા થવા લાગી. ચિંતા કરી કરીને પણ થાક્યા ત્યારે નામદેવને સદ્‌બુદ્ધિ આપવા માટે પ્રભુપ્રાર્થના કરવા લાગ્યાં.

હવે લૂંટફાટ કરવી એ તો નામદેવનો મુખ્ય ધંધો થઈ પડ્યો હતો.

એ લૂંટફાટમાં અનેકના જીવ લીધા અને તે વિસ્તારમાં તોબાહ તોબાહ પોકરાવી દીધી.

છેવટે રાજાને કાને આ વાત જતાં નામદેવને અને સાથીદારોને પકડવા માટે મોટી ફોજ મોકલી. જંગલમાં પડાવ નાખીને પડેલી આ ફોજ ઉપર નામદેવે એકાએક હુમલો કર્યો.

સામસામી ઝપાઝપીમાં નામદેવે ૮૦ જેટલા ઘોડેસવારોને ઠાર માર્યા.

બાકી રહેલા ઘોડેસવારો જીવ બચાવવા જીવ લઈને નાઠા.

નામદેવને મોટો વિજય મળ્યો. હવે બાકી શું રહે ?

ધાડપાડુ તરીકે નામદેવની કુકીર્તિ ચોમેર પ્રસરી ગઈ.

તેનું નામ સાંભળી લોકો ધ્રૂજવા લાગ્યા.

લૂંટારુ બન્યા છતાં નામદેવે એક સારો નિયમ હજી છોડ્યો નહોતો. રોજ આંવઢ્યા નાગનાથ નામના મહાદેવનાં દર્શન કરવા તેઓ જતા. આ નિયમ ભાગ્યે જ ચૂકતા.

રાજાની ફોજ અને નામદેવની ટુકડી વચ્ચે જબરજસ્ત ઝપાઝપી થઈ.

નામદેવે રાજાના ઘોડેસવારોને ઠાર માર્યા અને મોટો વિજય મેળવ્યો, તેથી તેઓ ખૂબ જ આનંદમાં હતા. આ આનંદમાં ને આનંદમાં તેઓ નાગનાથને મંદિરે ગયા.

બ્રાહ્મણને દક્ષિણા આપી મહાદેવની રુદ્રી કરવાનું કહ્યું.

તે વખતે એક ગરીબ જેવી દેખાતી બાઈ પણ પોતાના બાળકને કેડે બેસાડી મંદિરમાં દર્શન કરવા આવી હતી. પૂજારીએ મહાદેવને નૈવેદ્ય ધરાવ્યું તે પેલા બાળકે જોયું અને મારે પણ એવું જ ખાવાનું જોઈએ એવી હઠ લઈ રડવાનું શરૂ કર્યું. બાઈએ બાળકને ઘણો સમજાવ્યો, પણ બાળક તો હઠ લઈને બેઠો હતો. તે કેમેય કર્યો શાંત ન થાય.

બાઈને આખરે ગુસ્સો ચડ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં જોરથી ચાર તમાચા ચોડી દીધા.

આથી તો બાળક વધુ જોરથી રડવા લાગ્યો.

નામદેવ ઊભા ઊભા આ બધું જોઈ રહ્યા હતા.

બાળકને રડતો જોઈ તેમને દુ:ખ થયું અને પેલી બાઈએ કહ્યું : "બહેન, બાળકને નકામો શા માટે મારો છો ? ઘેર જઈને તે જે માગે તે મીઠાઈ બનાવી આપજો."

બાઈ કહે: "અમે ગરીબ માણસો એવી મીઠાઈ ક્યાંથી લાવીએ? મારો ધણી જીવતો હોત તો વળી ગમે ત્યાંથી લઈ આવત. પણ પરમ દિવસે પેલા ગોઝારા લૂંટારુ નામ્યા સાથેની

ઝપાઝપીમાં તે ઠાર માર્યા ગયા છે. હવે આ છોકરાને કોણ મીઠાઈ આણી આપે ? હવે તો મારાં હાડકાં ચૂસવા આપું તો એ છે !"

આમ બોલતામાં તો તે ચોધાર આંસુએ રડવા લાગી. આ બાઈનું રડવું અને બોલવું સાંભળી નામદેવને હૃદયસ્પર્શી દુઃખ થયું. મનમાં ને મનમાં બોલવા લાગ્યા: "મેં ધાડપાડુનો ધંધો શરૂ કર્યો ત્યારથી આજ સુધી કેટલાય લોકોને મેં ઠાર માર્યા હશે ! પરિણામે કેટલીય સ્ત્રીઓ વિધવા બની હશે અને કેટલાંય બાળકો નિરાધાર બન્યાં હશે ! હાય, હાય, હું કેવો પાપી ને ઘાતકી છું ! હવે મને આ પાપમાંથી ભગવાન બચાવી શકશે ? મારાં માબાપે મને ઘણું ઘણું કહ્યું, પણ મેં તેમનુંય ના સાંભળ્યું. હે ભગવાન, હે ભોળા શંભુ ! મારા જેવા માણસો તો દુનિયામાં ન હોય તે જ સારું છે. હું હમણાં જ આ મંદિરમાં મારો પ્રાણ આપું છું."

આટલું કહી નામદેવ બહાર ગયા. બેસવા માટેની ઉત્તમ ઘોડી, કપડાં, પાસેના બધા પૈસા તેમણે ગરીબગુરબાને દાનમાં દઈ દીધાં. પોતે પહેલાં શ્રીવિઠ્ઠલના ભક્ત હતા તેનું તેમને ભાન થયું. ખરાબ લોકોની સોબતમાં કરેલાં પાપનો પાકો પસ્તાવો થયો.

હાથમાં છરી લઈ મંદિરમાં ગયા અને મહાદેવના લિંગ પાસે બેસી છરી વડે કપાળમાં ઊંડો ઘા કર્યો. કપાળમાંથી લોહીની ધારા વહેવા લાગી.

નામદેવે મહાદેવ ઉપર તેનો અભિષેક કર્યો.

એવામાં મહાદેવની પૂજા કરવા પૂજારી મંદિરમાં આવી પહોંચ્યો.

મંદિરમાં લોહી જોયું ને તે ગભરાયો. બૂમો પાડી આજુબાજુના લોકોને ભેગાં કર્યાં.

પુષ્કળ લોહી વહી જવાને કારણે નામદેવ મંદિરના દરવાજા નજીક બેભાન પડ્યા હતા.

લોકોએ બહાર કાઢ્યા અને જખમ ઉપર પાટાપિંડી કર્યાં.

થોડીવારમાં નામદેવ ભાનમાં આવ્યા ત્યારે લોકોએ આમ કરવાનું કારણ પૂછ્યું.

નામદેવે સાચી હકીકત જણાવી. લૂંટારુ નામદેવમાં એકાએક આવેલો આ પલટો જોઈ ઘણાને સુખદ નવાઈ લાગી. કેટલાક વળી મશ્કરી કરવા લાગ્યાં. ત્યાં ભેગાં થયેલાં લોકોમાંથી કેટલાંક પંઢરપુરના યાત્રાળુઓ હતાં. તેમણે કહ્યું : "પંઢરપુર જા. ત્યાં જઈ શ્રીવિઠ્ઠલની એકનિષ્ઠાથી ભક્તિ કર. તારાં બધાં પાપ તે ધોઈ નાખશે."

## પંઢરપુરમાં પુનરાગમન

કપાળમાં મોટો ઘા પડ્યો છે; લોહીની ધારા વહી રહી છે; ઘા ઉપર માખીઓ બણબણે છે; પણ આ બધાની નામદેવને જાણે કે કંઈ પડી જ નથી. તેમના મનમાં તો એક જ વિચાર રમી રહ્યો છે કે ક્યારે પંઢરપુર પહોંચું અને શ્રીવિઠ્ઠલનાં દર્શન કરી પાપનું પ્રાયશ્ચિત્ત કરું.

લોકો તેમની મશ્કરી કરે છે, પણ તેનીયે ચિંતા નથી.

એમને તો બસ એક જ ધૂન લાગી છે : શ્રીવિઠ્ઠલનાં દર્શન કરવાની !

આ રીતે પ્રવાસ કરતાં કરતાં કેટલાક દિવસ બાદ પંઢરપુર પહોંચ્યા. ચંદ્રભાગા નદીમાં ત્યારે ભારે પૂર આવ્યું હતું. બધા યાત્રાળુઓ હોડીઓમાં બેસી સામે કિનારે પહોંચ્યા.

નામદેવ પણ હોડીમાં બેસવા જતા હતા એવામાં પાંડુરંગને તેમના ભક્તની પરીક્ષા કરી જોવાનું મન થયું. તેમણે એવું કહેણ મોકલાવ્યું કે, "નામદેવ ઘણો પાપી છે, એટલે તેને પંઢરપુર જેવા પવિત્ર સ્થળમાં પેસવા ન દેતા."

આ ખબર કાને પડતાં જ નામદેવને પારાવાર પીડા થઈ.

આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. નદીની સામી બાજુએથી પાંડુરંગને સાષ્ટાંગ પ્રણામ કરી કહ્યું : 'મારા પાપથી પાંડુરંગ પણ બી જાય એટલો બધો હું પાપી છું ? મારા જેવા પાપી મનુષ્યોનાં પાપથી ભગવાન જેવા ભગવાન પણ દૂર ભાગે તો પાપીઓના ઉદ્ધાર કરનાર પતિતપાવન તરીકે તમને કોણ ઓળખશે ?"

એ પછી નામદેવે એક પત્ર લખ્યો. અન્ય સંતો સાથે તે પત્ર પાંડુરંગ ઉપર મોકલાવ્યો.

તેમણે લખ્યું હતું : "હે પંઢરીનાથ વિઠ્ઠલ, પતિતપાવનનું તારું બિરુદ સિદ્ધ કરાવું ત્યારે જ હું તારો ખરો ભક્ત. હે દેવ ! મારા ગુણદોષ હવે મનમાં ન લાવતો. મહાપાપી એવી વેશ્યા પણ તારું નામ દઈ પવિત્ર બની છે અને વિમાનમાં બેસી વૈકુંઠ ગઈ છે. અજામિલ જેવો ભયંકર પાપી ભૂલથી તારું નામ બોલ્યો એમાં તેં એને વૈકુંઠ અપાવ્યું. તો શું આ લોકો કરતાં પણ હું વધુ પાપી છું ? મારાથી દૂર ન ભાગી જા. દર્શન આપી મારો સ્વીકાર કર.'

પાપી મનુષ્ય ઈશ્વર પાસે સાચા હૃદયથી ક્ષમા માગે તો ભગવાન જરૂર માફી આપે જ. નામદેવે લખેલો કાગળ સંતોએ પાંડુરંગને વાંચી બતાવ્યો ત્યારે પાંડુરંગને નામદેવ ઉપર દયા આવી. તેમને પોતાનાં દર્શને બોલાવ્યા અને પોતાને શરણે લઈ પવિત્ર કર્યા.

તે દિવસે પછી નામદેવે શ્રીવિઠ્ઠલનું શરણું કદી છોડ્યું નહોતું.

હવે તો પંઢરપુરમાં રહી નામદેવ ભક્તિ કરવા લાગ્યા. એ એટલા બધા તલ્લીન બની જતા કે ભૂખતરસનું યે ભાન રહેતું નહિ. મા-બાપ, બૈરી-છોકરાં, ઘરબાર બધેબધું ભૂલી ગયા. આખેઆખું જગત જાણે કે વિઠ્ઠલમય બની ગયું. આવી એકનિષ્ઠ ભક્તિથી તેમના દુઃખી દિલને શાંતિ મળવા લાગી. તેમને ખાતરી થઈ ચૂકી કે ભગવાન મારાં પાપ જરૂર ધોઈ નાખશે. આવી લગનીથી જે ભક્તિ કરે તેને સફળતા મળ્યા વગર રહે જ નહિ.

બીજી બાજુ, દીકરાને લાંબા સમયથી ઘેર પાછો ફરેલો ના જોઈ, દામાશેઠને ઘણી ચિંતા થવા લાગી. નામદેવ ક્યાં ગયો છે તેની તપાસ કરતાં માલૂમ પડ્યું કે તે તો પંઢરપુરમાં બેઠા બેઠા શ્રીવિઠ્ઠલની ભક્તિ કરે છે.

દામાશેઠ જાતે પંઢરપુર આવ્યા. દીકરો હવે સન્માર્ગે વળ્યો છે એ જોઈ સંતોષ થયો.

તેમણે કહ્યું : "નામ્યા, જે થયું છે તે સારું જ થયું છે. હવે તું ઘેર ચાલ. ઘરનો ભાર મારા માથા પરથી તારે માથે લઈ લે. જિંદગીના શેષ દિવસો હવે હરિભક્તિમાં ગાળવા દે."

નામદેવ કહે, "બાપુજી ! હવે તો મારે માબાપ, ભાઈભાંડું, બૈરીછોકરાં બધુંય શ્રીવિઠ્ઠલ જ છે. દુનિયામાં હવે બીજા કશાનો મોહ રહ્યો નથી. હવે તો શ્રીવિઠ્ઠલ સિવાય કંઈ કહેતા કંઈ ના જોઈએ. હું ઘેર પાછો ફરવાનો ય નથી અને ઘરનો ભાર ઊપાડવાનો ય નથી. એ બધું તમે સંભાળો. મારી આશા હંમેશ માટે છોડી દો."

નામદેવનો સ્પષ્ટ જવાબ સાંભળી દામાશેઠને ઘણી નિરાશા થઈ, છતાં દીકરાને સારે માર્ગે વળેલો જોઈ કાળજે ટાઢક થઈ.

નામદેવને લીધા વગર તે નરસી બ્રાહ્મણી પાછા ફર્યા.

પાછા ફર્યા બાદ દામાશેઠે પત્નીને બધી વાત કહી. ગોણાઈને ઘણું દુઃખ થયું.

તેમની ઈચ્છા એવી હતી કે દીકરો વેપારધંધો કરી પુષ્કળ પૈસા કમાય અને પોતે ઘડપણમાં સુખચેનથી રહી શકે.

નામદેવને સમજાવવા ગોણાઈ પંઢરપુર આવ્યાં. કહ્યું :

"નામ્યા ! હવે ઘેર ચાલ. વેપારધંધો કરી પુષ્કળ પૈસા મેળવ. મંદિરમાં નકામાં

કાંસાજોડાં કૂટતો શા માટે બેસી રહ્યો છે? શ્રીવિઠ્ઠલની ભક્તિ કરીશ તો તે થોડા જ તને રાજ્ય અપાવવાના છે ? વિઠ્ઠલે અત્યાર સુધી તેના કોઈ ભક્તને પૈસા અપાવ્યા નથી. ઊલટું, પોતાની ભક્તિ પાછળ તેમને ગાંડા બનાવી, તેમનું હોય તે પણ છીનવી લીધું છે. ઘેર ચાલ અને દુનિયાદારીમાં રહેતા શીખ. ભક્તિનું આ ગાંડપણ હવે છોડી દઈશ તો જ તારું ભલું થશે.''

“મા, હવે દુનિયાની કોઈ વાતમાં મને રસ રહ્યો નથી. દુનિયા ઉપર કંટાળો આવ્યો છે. સંસારનાં જે સુખો છે તેના કરતાં શ્રીવિઠ્ઠલની ભક્તિમાં વધુ સુખ લાગે છે. તેં જન્મ આપ્યો એટલે મારી ચિંતા તને થાય એ સમજી શકું છું. પણ મા ! હવે મારી જાત હરિને હવાલે સોંપી દીધી છે. મારી ચિંતા હવે તે કરશે. મારી ચિંતા કરવાની તારે કોઈ જરૂર નથી. તારા કરતાં શ્રીવિઠ્ઠલને મારી વધુ ચિંતા છે. મને દુનિયામાં ઘસડી જવાનો પ્રયત્ન હવેથી ન કરતી; કારણ કે, એમાં તને જરાય સફળતા કદાપિ મળવાની નથી. શ્રીવિઠ્ઠલનાં ચરણોનાં સોગંદ લઈ કહું છું કે સંસારની કોઈ ભાંજગડમાં હવે પડવાનો નથી.''

નામદેવને આવું બોલતો સાંભળી ગોંણાઈને ઘોર નિરાશા થઈ. પોતાના છોકરાને “ભગતડો'' બનાવ્યો તે માટે શ્રીવિઠ્ઠલને પુષ્કળ ગાળો ભાંડી. છેવટે ગુસ્સામાં ને ગુસ્સામાં નામદેવનો હાથ પકડી દેવળમાંથી બહાર ખેંચ્યો અને ઘર ભણી ચાલવા માંડ્યું.

પણ રસ્તામાં નામદેવ સામે જુએ છે તો આ શો ચમત્કાર !

નામદેવને બદલે ગોંણાઈએ પાંડુરંગને જોયા. ગોંણાઈ ગભરાયાં.

પાંડુરંગને કહે, “અરે, તું કોણ છે ? મારે તારી કોઈ જરૂર નથી. મારે તો મારો નામદેવ જ પાછો જોઈએ.''

આટલું બોલી તેઓ પાછળ જુએ છે તો ત્યાં નામદેવ જ હતા ! હવે નામદેવને પાછા લઈ જવાનો કોઈ અર્થ જ નથી એમ સમજી, પાંડુરંગને ગાળો ભાંડતાં ભાંડતાં, ગોંણાઈ પોતાને ગામ પાછા ફર્યાં.

નામદેવને ઘેર પાછા બોલાવવાના પ્રયત્નમાં પતિ પત્ની બંને નિષ્ફળ નીવડ્યાં, ત્યારે દામાશેઠે નરસી બ્રાહ્મણીમાંનું પોતાનું ઘર, જમીન વગેરે વેચી દીધું અને પંઢરપુરમાં જ કાયમી વસવાટ કરવા તે આવી પહોંચ્યા.

દામાશેઠ ઘણા ઘરડા થયા હતા. હવે વેપારધંધો થઈ શકતો નહોતો. પાસે જેટલા પૈસા હતા તેમાંથી જ ઘરખર્ચ કાઢવાનો હતો. પંઢરપુરમાં ઘર શરૂ કર્યા પછી, ઘેર આવી રહેવા નામદેવને કહ્યું. પિતાની આ વાત નામદેવને જરાય પસંદ ન પડી. તેમણે પિતાને સ્પષ્ટ જણાવ્યું કે, “પૈસાની પ્રાપ્તિ ખાતર આજ સુધી ઘણાં કાળાં કામો કર્યાં છે. મારાં એ કામો બદલ હવે પસ્તાવો થાય છે. હવે સંતોને શરણે આવ્યો છું. મારા મનને તેથી શાશ્વત શાંતિ સાંપડી છે. શ્રીવિઠ્ઠલની ભક્તિ છોડી પાછો જગતની જંજાળમાં પડું એ આશા વ્યર્થ છે.''

તેમ છતાં દામાશેઠે આગ્રહ ચાલુ જ રાખ્યો ત્યારે, થોડો વખત ઘેર અને થોડો વખત મંદિરમાં એમ રહેવા નામદેવ કબૂલ થયા. પિતાના આગ્રહને વશ થઈ કાપડનો નાનકડો ધંધો પણ શરૂ કર્યો અને પ્રામાણિકપણે પસીનો પાડીને પૈસા મેળવવા લાગ્યા.

ગરીબગુરબાને તે ઉધાર કાપડ પણ આપતા અને શ્રીવિઠ્ઠલનું નામ લેતાં લેતાં જ દુકાને બેસી રહેતા.

પોતાનો દીકરો કેવોક વેપાર કરે છે તે જોવા એક દિવસ દામાશેઠ આવ્યા. પૂછ્યું:

"અરે, નામદેવ! તેં કોઈને ઉધાર કાપડ આપ્યું છે ?"
"હા, ગણોબા નાયક મારી પાસેથી ઉધાર કાપડ લઈ ગયો છે. બિચારો એટલો બધો ગરીબ હતો કે તેના શરીર પર વસ્ત્ર પણ નહોતું. ઘેર છોકરાં પણ નાગાપૂંગા ફરતા હતા. મને તેની દયા આવી ને ઉધાર કાપડ આપ્યું. અઠવાડિયામાં પૈસા આપી જવાનું કહ્યું છે."
"કંઈ લખાણબખાણ કર્યું છે ?"
"હા, લખાણ છે. ઉપરાંત તેણે 'ઘોંડોબા'ને જામીન તરીકે રાખ્યો છે !"
દામાશેઠે તુરત ચોપડો જોયો અને ગણોબા નાયક કયે દિવસે કાપડ લઈ ગયો હતો તે જોયું. ફરીથી પૂછ્યું : "નામદેવ, ગણોબા ક્યારે પૈસા આપી જવાનો હતો ?"
"એક અઠવાડિયામાં."નામદેવે સરળ ઉત્તર આપ્યો.
દામાશેઠે પૂછ્યું. "આજે કેટલા દિવસ થયા એ વાતને ?"
નામદેવે કહે, "ઓછામાં ઓછો એક મહિનો થયો હશે."
દામાશેઠ હસીને કહે, "અરે, વાહ રે વાહ! વેપાર તો સારો શીખ્યો છે! અબઘડી જઈને ગણોબાને ત્યાંથી પૈસા વસૂલ લઈ આવ. 'વારુ.' કહી નામદેવ ગણોબાને ત્યાં ઊપડ્યા.
ત્યાં પહોંચી પૈસા માગ્યા : 'ગણોબા, પૈસા હોય તો આપો ને !'
તેણે કહ્યું, "હાલમાં તો પૈસા નથી." એટલે ગણોબાના 'ઘોંડા'ને નામદેવે કબજે લીધો અને તેને ઘેર લાવ્યા. બારણે સાંકળ લગાવી નામદેવ શ્રી વિઠોબાનાં દર્શન કરવા મંદિરે ઊપડ્યા. આ વખતે દામાશેઠ અને નામદેવની પત્ની રાજાઈ એકલાં હતાં.
તેણે નામદેવને ઓરડાની સાંકળ મારતા જોયા.
થોડી વાર પછી દામાશેઠ અને ગોંણાઈ ઘેર આવ્યાં.
તેમણે ઓરડામાં એક પત્થરને મૂકેલો જોયો.
દામાશેઠે નામદેવને બોલાવી પૂછ્યું : "ગણોબાને ત્યાંથી ઉધાર પૈસા લઈ આવ્યો કે ?"
નામદેવે કહ્યું : "હાલમાં તેની પાસે પૈસા નથી, એટલે તેણે જામીન તરીકે રાખેલા ધોંડોપંતને આપણે ત્યાં ઉઠાવી લાવ્યો છું."
દામાશેઠે પૂછ્યું: "ક્યાં છે તારો ધોંડોપંત ?"
નામદેવે ઓરડીનું બારણું ઉઘાડ્યું અને અંદર મૂકેલા "ઘોંડોપંત"ને બહાર કાઢ્યો.
"ઘોંડોપંત" એ કોઈ માણસ નહોતો, પણ તે પત્થરની મૂર્તિ હતી અને તેને જ ગણોબાએ જામીન તરીકે રાખી હતી. નામદેવે એ 'ધોંડોપંત'ને કહ્યું:
"અમારા ઉધાર પૈસા નહિ આપે ત્યાં સુધી તને અહીંથી નહિ જવા દઉં."
નામદેવનું ભોળપણ જોઈ દામાશેઠને આશ્ચર્ય થયું. કહ્યું : "અરે, ગાંડા, પત્થરની મૂર્તિ તે કંઈ પૈસા આપતી હશે ! જા, જા, તેને ચંદ્રભાગામાં પધરાવી આવ."
ભક્તની આબરૂ સાચવવા ભગવાન ચમત્કાર પણ કરી બતાવે છે.
દામાશેઠને નામદેવની મશ્કરી કરતાં જોઈ શ્રીવિઠ્ઠલને લાગ્યું કે પોતાનો ભક્ત મૂર્ખમાં ખપી જશે, એટલે તેમણે કાળા પત્થરની એ મૂર્તિને સોનાની બનાવી દીધી.
સોનાની મોટી મૂર્તિ જોઈ ગોંણાઈ અને રાજાઈનાં મોંમાં પાણી છૂટ્યું !
રાજાઈને થયું કે હવે હું આખી કાયા ઢંકાય એટલા દરદાગીના ઘડાવીશ.
દામાશેઠ પણ આ ચમત્કાર જોઈ આશ્ચર્યચકિત થયા.
ગોંણાઈ કહેવા લાગ્યાં : "નામદેવ! તારી ભક્તિથી ખુશ થઈ ભગવાને આપણને આટલું

બધું સોનું આપ્યું છે. તું કોઈને વાત કરીશ નહિ. પાટીલ કુલકર્ણી આ વાત જાણશે તો બધું સોનું કબજે કરશે. મારે આના દાગીના કરાવવા છે."

"મા, આ બધા સોના ઉપર આપણો અધિકાર શી રીતે હોઈ શકે ? આપણે તો આપણા ઉધાર પૈસા જેટલું સોનું લઈ શકીએ. બાકીનું સોનું તો ગણોબાનું છે. હું પાછું આપી આવું."

સોનું જોઈ દામાશેઠનું મન પણ ચળ્યું. નામદેવને ધમકાવતા કહ્યું :

"બેસ, બેસ; બહુ ડાહ્યો છે તે જાણ્યું, ગણોબા કેવો ને વાત કેવી ? આ બધું સોનું તો આપણું જ છે, બીજા કોઈનુંય નહિ."

નામદેવની પત્ની રાજાઈ આગળ આવી કહેવા લાગીઃ

"ભગવાને આપેલું સોનું તમે ગણોબાને આપી દેશો ? હું જોઉં છું, તમે કેવાક આપો છો તે. હું તમને સાફ સાફ કહી દઉં છું કે આ સોનાને હાથ અડાડવા દેવાની નથી. સોનાના દાગીના બનાવી હું પહેરીશ ત્યારે જ જંપીશ."

નામદેવ કહે, "તે કંઈ હું ના સમજું. હું તો એટલું સમજું કે આપણા ઉધાર પૈસા જેટલું સોનું કાઢી લઈ બાકીનું ગણોબાને પાછું સુપરત કરી દેવું જોઈએ."

ઘરમાં ચાલતી આવી ગરમાગરમ ચર્ચા સાંભળી આડોશીઓ-પાડોશીઓ એકઠાં થઈ ગયાં. ગણોબાની પત્થરની મૂર્તિ સોનાની થઈ ગયાની વાત એક કાનેથી બીજે કાને આખા ગામમાં પ્રસરી ગઈ.

ગણોબા પણ આ વાત સાંભળી દોડતો દોડતો નામદેવને ઘેર આવ્યો.

ત્યાં ભેગા થયેલા માણસોમાંથી એક લોભી માણસના મનમાં એક વિચાર આવ્યો.

તેણે ગણોબાને પોતાની પાસે બોલાવી કાનમાં કહ્યું : 'ગણોબા, તારા ઉધાર પૈસા હું નામદેવને આપી દઈશ. તે ઉપરાંત બીજા થોડા રૂપિયા પણ આપીશ, પણ નામદેવ પાસેથી એ સોનાની મૂર્તિ તું માગી લે અને મને આપી દે."

પેલા લોભિયાની વાત સાંભળી ગણોબાના મોંમાં પાણી છૂટ્યું. આગળ આવી નામદેવને કહેવા લાગ્યો : "હું તમારા ઉધાર રહેલા પૈસા શાહજોગ પાછા આપું છું. મારી મૂર્તિ મને પાછી આપો. નહિ તો ગમના કુલકર્ણીને ત્યાં જઈ બધી બાતમી પૂરી પાડી દઈશ."

નામદેવ કહેઃ "પહેલા ઉધાર પૈસા મૂકી દે; પછી તારી મૂર્તિ પાછી લઈ જા."

ગણોબાએ ઉધાર રહ્યા હતા એટલા પૈસા પેલા લોભી પાસેથી લીધા અને ઉપરથી બીજા થોડા રૂપિયા પણ પડાવ્યા.

ઉધાર રહેલા પેસા નામદેવને આપ્યા. નામદેવે તેને સોનાની આખી મૂર્તિ આપી દીધી. ગણોબાએ તે મૂર્તિ પેલા લોભિયાને હવાલે કરી. ભેગા થયેલા લોકો નામદેવની ભક્તિ અને પ્રામાણિકપણાની પ્રશંસા કરતા છૂટા પડ્યા અને નામદેવની કીર્તિ ગાતાં ગાતાં ઘેર ગયા.

થોડા રૂપિયામાં આટલું બધું સોનું મળ્યું એ વિચારે હરખાતો હરખાતો પેલો લોભિયો પોતાને ઘેર ગયો. ઘેર બધાને સોનાની મૂર્તિ બતાવી. પણ એવામાં બીજો ચમત્કાર થયો.

સોનાની મૂર્તિ પાછી હતી તેવી પથ્થરની બની ગઈ.

તે દોડતો દોડતો ગણોબાને ત્યાં ગયો અને તેને આપેલા રૂપિયા પાછા માગ્યા.

આપેલા રૂપિયા પાછા આપવાની ગણોબાએ લોભિયાને ના પાડી.

કોને મોંએ જઈને તેની ફરિયાદ કરે ? તે મૂંગે મોંએ ઘેર પાછો ફર્યો.

એક દિવસ નામદેવના બે સાળા નામદેવને ત્યાં મહેમાન બનીને આવ્યા.

ઘણે દિવસે પોતાના ભાઈ આવ્યા હતા, તેથી રાજાઈને ઘણો આનંદ થયો.

ભાઈબહેન સુખદુ:ખની વાતો કરતાં બેઠાં હતાં. એવામાં નામદેવ બહારથી ઘેર આવ્યા.

નામદેવને જોઈ બંને સાળાઓએ નમસ્કાર કર્યા, પણ તે વખતે શ્રીવિઠ્ઠલના ચિંતનમાં નામદેવ એટલા મસ્ત હતા કે નમસ્કાર ઝીલ્યા વિના સીધા અંદરના ઓરડામાં જતા રહ્યા.

ભાઈઓએ કરેલા નમસ્કાર નામદેવે ઝીલ્યા નહી, તેમની જોડે એક અક્ષરે ય બોલ્યા નહિ, તેથી રાજાઈને ઘણું માઠું લાગ્યું.

નામદેવની પાસે જઈ કહ્યું, "મારા ભાઈ ઘણે દિવસે તમને મળવા આવ્યા છે, પણ નમસ્કાર સુદ્ધાં ઝીલ્યા નહિ અને સીધા અંદર આવી બેસી ગયા ! આ તે કેવી ભક્તિ ? મહેમાન લાંબેથી ચાલીને આવ્યા છે તો થાકી ગયા હશે, તેમને ભૂખ લાગી હશે, એટલે કંઈક જમાડવું તો પડશે જ. ભૂખ્યા સૂઈ જવાનું કેમ કહેવાય ? ઘરમાં તો મુઠ્ઠીભર પણ અનાજ નથી, એટલે ક્યાંકથી ઝટપટ અનાજનો બંદોબસ્ત કરી લાવો."

નામદેવ કહે, 'આજે તો દશમ છે એટલે એકટાણું ! કાલે અગિયારસ માટે આખો દિવસ ઉપવાસ. પરમ દિવસે બારસના પારણાને દિવસે મહેમાનો માટે રસોઈપાણી બનાવજે. રાંધવા માટેનું અનાજ ત્યારે લાવી આપીશ તને."

નામદેવનાં વેણ સાંભળી રાજાઈને તેમના ઉપર ઘણો ગુસ્સો ચડ્યો, પણ શું બોલે ? નાઈલાજ બની ચૂપ રહી. મહેમાનોને પણ ખોટું લાગ્યું. ત્રણ દિવસે ખાવાનું મળશે એ વિચારથી તેમના પેટમાં ધ્રાસકો પડ્યો. થયું કે આના કરતાં તો બેનને મળવા જ ન આવ્યા હોત તો સારું થાત. પણ એકવાર આવ્યા પછી તો બે દિવસ ભૂખ્યા રહેવાનું નક્કી કર્યું.

મહેમાનોએ દશમની રાત તો જેમ તેમ પસાર કરી.

બીજે દિવસે એકાદશી હોવાથી નામદેવ સવારમાં વહેલા ઊઠી, નાહીધોઈ પવિત્ર બની, શ્રીવિઠ્ઠલનાં દર્શન કરવા મંદિર ઊપડ્યા.

ભગવાને જાણ્યું કે નામદેવને તો દુનિયાદારીની કશી જ પરવા નથી; પણ તેને ત્યાં જો મહેમાનો ભૂખ્યા રહે તો મારી આબરૂ જશે. આમ વિચાર કરી તેમણે વાણિયાનું સ્વરૂપ ધારણ કર્યું. સોનામહોરોની થેલી સાથે લઈ સીધા ઊપડ્યા નામદેવને ત્યાં.

મહેમાનો ભૂખ્યા છે એની ચિંતા કરતી રાજાઈ બારણામાં જ બેઠી હતી.

વાણિયાના વેશમાં આવેલા ભગવાને પૂછ્યું : "બહેન, નામદેવ ઘરમાં છે કે ?"

"ના, પાંડુરંગના દર્શન કરવા ગયા છે. કંઈ કામ હતું તેમનું ?"

વાણિયો કહે, "નામદેવ મારા ખાસ મિત્ર છે. તેમને ભેટ આપવા આવ્યો છું. હું જરા બહાર જઈ આવું છું. ત્યાં સુધી સોનામહોરની આ થેલી સાચવો. જરૂર પડે તો નિરાંતે તેમાંથી પૈસા કાઢજો અને ખુશીથી વાપરજો. લગીરે સંકોચ લાવતા નહિ."

"પણ તમારું નામ તો તમે કહ્યું નહિ ?"

"મારું નામ કેશવશેઠ. ઠીક બહેન, હું જાઉં ત્યારે." આટલું કહી વાણિયો ગયો તે ગયો. પોતાની થેલી લેવા પાછો ફર્યો જ નહિ.

સોનામહોરો ભરેલી આખી થેલી જોઈ રાજાઈને જે આનંદ થયો હતો તેનું તો પૂછવું જ શું ! થેલીમાંથી સોનામહોરો કાઢી કયું કયું અનાજ લાવવું, મહેમાનો માટે શાં શાં મિષ્ટાન્ન બનાવવા એનો વિચાર કરતી રાજાઈ બેઠી.

એટલામાં નામદેવ ઘેર પાછા ફર્યા. રાજાઈનું હસું હસું થઈ રહેલું મોં જોયું.

રોજ કરતાં આજે પત્ની ખુશમિજાજમાં છે એ જોઈ નામદેવને પણ નવાઈ લાગી.

રાજાઈએ કહ્યું : "કેશવશેઠ નામના તમારા ભાઈબંધ થેલી ભરેલી સોનામહોરો ભેટ આપી ગયા છે." આ કેશવશેઠ કોણ હશે એ નામદેવ તો તુરત સમજી ગયા.

ભગવાને પોતાને ખાતર વાણિયાનું રૂપ લીધું અને પોતાની આબરૂ જાળવી તેથી આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. રાજાઈને કહ્યું, "અરે, તે કેશવશેઠ એટલે બીજું કોઈ નહિ, પણ શ્રીવિઠ્ઠલ પોતે! ઘરમાં અનાજ નથી તેથી તને ચિંતા થતી હતી ને! તારી ચિંતા દૂર કરવા ભગવાન વાણિયા બની આપણે ત્યાં સોનામહોરની થેલી મૂકી ગયા. વિના કારણે તેં ભગવાનને તસ્દી આપી. હવે એ સોનામહોરોમાંથી એક પણ સોનામહોર ખર્ચીશ નહિ. ગરીબગુરબાં ને લંગડાલૂલાને બોલાવી લાવી તેમને એ દાનમાં આપી દઉં છું."

આટલું કહી ગરીબ-ગુરબા ને બોલાવવા નામદેવ બહાર ગયા.

નામદેવ બહાર જતાં જ રાજાઈએ પેલી થેલીનું મો છોડ્યું. તેમાંથી બે મુઠ્ઠી સોનામહોરો બહાર કાઢી એક ઠેકાણે તે સંતાડી દીધી અને કોથળીનું મોં પાછું પહેલાનું માફક સીવી લીધું.

થોડી વારે નામદેવ પાછા આવ્યા. પાછળ માગણોનું મોટું લશ્કર જ આવ્યું હતું !

નામદેવે બધી સોનામહોરો તેમને વેચી દીધી અને કોથળી ખાલી કરી નાખી.

કેટલા નિર્લોભી ને પરોપકારી ! ભિખારીઓ નામદેવની કીર્તિ ગાતાંગાતાં પાછા ફર્યા.

ગામના લોકોને પણ નામદેવની ઉદારતા જોઈ ભારે નવાઈ લાગી.

સંતાડી રાખેલી સોનામહોરોમાંથી રસોઈ માટેની સામગ્રી ખરીદવાનું રાજાઈએ મનમાં નક્કી કર્યું હતું. એટલે એ સોનામહોરોમાંથી એક સોનામહોર તે લેવા જાય છે ત્યાં તો બધી સોનામહોરોના કોલસા થઈ ગયેલા તેણે જોયા ! રાજાઈને ઘણી નવાઈ લાગી. રાજાઈ ગમે તેવી ક્રોધી હશે, પણ તે કદી ખોટું બોલતીનહિ કે પોતાના પતિથી કોઈ વાત છુપાવતી નહિ.

તેણે નામદેવને કહ્યું: 'મેં સંતાડી રાખેલી સોનામહોરોના નર્યા કોલસા થઈ ગયા છે !'

આમ કહી તેણે નામદેવને કોલસા બતાવ્યા, પણ નામદેવની નજર કોલસા ઉપર પડતાં જ કોલસાની પાછી સોનામહોરો થઈ ગઈ ! રાજાઈને ઘણું આશ્ચર્ય થયું.

શ્રીવિઠ્ઠલની નામદેવને સદાય ઓથ છે એવી ખાતરી થઈ ગઈ.

નામદેવે આ સોનામહોરો પણ બ્રાહ્મણોમાં વહેંચી દીધી અને મહેમાનોને સાદું ભોજન જમાડી વિદાય કર્યા.

પોતાનાં છોકરાંને વારંવાર ભૂખ્યા રહેવું પડે અને બીજાના ઓશિયાળા બનવું પડે તેથી રાજાઈને ઘણું દુઃખ થતું. એક દિવસ તો તે જિંદગીથી એટલી બધી કંટાળી ગઈ કે તેના બાળકો – નારા અને મહાદાનને – પીઠ ઉપર બાંધી ચંદ્રભાગામાં પડતું મેલ્યું. પણ ભગવાનકંઈ થોડા જ તેને મરવા દે તેમ હતા! પાંડુરંગ જાતે ત્યાં પ્રકટ થયા અને તેનાં બાળકો સહિત રાજાઈને પાણીમાંથી બહાર કાઢી. પાંડુરંગ તેને નિરાંતે મરવા પણ નથી દેતો એ જોઈ રાજાઈએ પાંડુરંગને ખૂબ ગાળો ભાંડી અને ફરીથી છોકરાં સાથે ચંદ્રભાગામાં પડતું મૂક્યું.

પાંડુરંગે ફરીથી પાણીની બહાર કાઢી.

હવે નદીમાં પડવાનો કંઈ અર્થ નથી એ જોઈ બબડતી-ફફડતી રાજાઈ ઘેર પાછી ફરી.

રસ્તામાં તેણે એક મરેલો સાપ જોયો. મરવા માટે આ સારો ઉપાય છે એમ વિચારી તેણે એ મરેલો સાપ ઉપાડ્યો અને ઘેર આવી એક વાસણમાં તે સાપ રાંધવા માટે મૂક્યો.

તેની એવી ગણતરી હતી કે રંધાયેલો સાપ તે અને તેનાં બાળકો ખાતાં તુરત જ બધાં

મૃત્યુ પામશે. પણ થોડી વાર પછી રાંધવા માટે મૂકેલું વાસણ ઉપાડી જુએ છે તો તેમાં સાપને બદલે સોનાના ટુકડા દેખાયા. સોનાને જોઈ રાજી થતી થતી તે નામદેવ પાસે વાસણ લઈ ગઈ અને તેમને સોનાના ટુકડા બતાવ્યા.

સોનું જોતાં જ નામદેવ ચોંકી ઊઠ્યા. તેમના ધ્યાનમાં બધું આવી ગયું.

રાજાઈને તે કહે, "ગાંડી, આ શું કર્યું તે ? આપણે માટે ભગવાનને કેટલું કષ્ટ ઉઠાવવું પડે છે તેનો જરા ખ્યાલ કર." એમ કહી તેમણે બ્રાહ્મણોને દક્ષિણામાં સોનું વહેંચી દીધું.

## કાચા-પાકાની પરીક્ષા

નામદેવ પર પાંડુરંગની પૂરેપૂરી કૃપા હતી. પાંડુરંગ તેમની સાથે વાતો કરતા, તેમને માટે ઘણા ચમત્કારો કરતા. આ બધાથી નામદેવની કીર્તિ ચોતરફ ફેલાઈ. આથી તેમને થોડું અભિમાન થયું અને તેમના સમયના અન્ય સંતોને તેઓ પોતાનાથી હલકા માનવા લાગ્યા.

તેમનું અભિમાન દૂર કરવા માટે નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, વગેરે સંતો ગોરા કુંભારને "કાકા" કહી બોલાવતા. ગોરા કુંભારને ત્યાં એક દિવસ જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઈ, ચોખોબા, સાવંતા માળી, નામદેવ વગેરે સંતો ભેગા થયા હતા.

એવામાં જ્ઞાનેશ્વરે ગોરોબાને કહ્યું, "કાકા, આજે અહીં ઘણા સંતો ભેગા થયા છે. તેમાંથી કાચો કોણ છે અને પાકો કોણ છે તેની પરીક્ષા કરી જુઓ."

જ્ઞાનેશ્વરનું બોલવું સાંભળી ગોરોબા ઊઠ્યા અને માટીનાં વાસણ કાચાં છે કે પાકાં તે જોવા માટે તે બધાંનાં માથાં ઉપર મરવાની શરૂઆત કરી. બીજા બધાએ તો મૂંગે મોંએ માર સહન કરી લીધો. છેવટે ગોરોબાએ નામદેવના માથા ઉપર પણ ટપલું માર્યું.

નામદેવને ગોરોબા ઉપર ઘણો ગુસ્સો ચઢ્યો. તે કહે, "કાકા ! કાચો છું કે પાકો તેની ખાતરી કરી જોવામાં તમે મારું ટાલકું તોડી નાખ્યું. તમે આટલા ઘરડા થયા છો એટલું જ, બાકી તમારામાં અક્કલનો છાંટોય નથી. આગતાસ્વાગતા માટે સૌને ઘેર બોલાવ્યા અને બદલામાં સ્વાગતરૂપે આપો છો તો ડફણાનો માર."

ઉપર મુજબ ગુસ્સાથી નામદેવને વાત કરતા જોઈ બધાં સંતો હસી પડ્યા. ગોરોબાએ નામદેવ તરફ આંગળી ચીંધી કહ્યું: "જ્ઞાનબા, આ એકલું જ વાસણ હજી કાચું છે."

મુક્તાબાઈ કહે, 'કાકા, તમારી વાત સાવ સાચી છે. હજુ નામદેવ કાચા સંત જ છે. તેમને પાકા બનાવવાની જરૂર છે.'

ગોરા કુંભારની વાત સાંભળી નામદેવને બહુ માઠું લાગ્યું.

તેમને એમ જ થયું કે ગોરોબાએ મારું હડહડતું અપમાન કર્યું છે.

ગોરોબાના ઘેરથી ઊઠી તેઓ સીધા પાંડુરંગના મંદિરમાં આવ્યા અને પોતાના અપમાનની વાત પાંડુરંગને કહી નાખી.

પાંડુરંગ કહે: "નામદેવ, ગોરોબા કહે છે તે સાચું જ કહે છે. તું હજી કાચો છે. મારા વિશે તને હજુ પૂરેપૂરું જ્ઞાન થયું નથી. કોઈને ગુરુ બનાવી તે જ્ઞાન તારે મેળવી લેવું જોઈએ."

નામદેવ કહે: "પ્રભુ! હું અને તું તો રોજરોજ પ્રત્યક્ષ વાતો કરીએ છીએ. તે છતાં તું કહે છે કે તને બરાબર ઓળખતો નથી. કેમ માની શકું એ ? હું તને પૂરેપૂરી રીતે ઓળખું છું."

નામદેવની ભૂલ સુધારતાં પાંડુરંગે કહ્યું: "હું તારી જોડે વાત કરું છું એ વાત સાચી, પણ તું મને આ મંદિરના એક દેવ તરીકે જ ઓળખે છે. બીજા સ્વરૂપે દેખાઉં તો મને ન ઓળખી

શકે." "ના પ્રભુ, હવે તો હું તમને કોઈ પણ સ્વરૂપે ઓળખી શકું."

ભગવાન કહેઃ "નામદેવ, તું ગામ બહાર જઈને બેસ. હું હમણાં તારી પરીક્ષા કરવા આવી પહોંચું છું. તળાવ નજીક બેસજે."

ભાગવાનના કહ્યા પ્રમાણે નામદેવ પદ્મતળાવની નજીક જઈને બેઠા.

ઘણો વખત વીતવા છતાં તળાવ પાસેથી કોઈ ફરક્યું નહિ. નામદેવને ચિંતા થવા લાગી.

મનમાં શંકા પેઠી કે ભગવાન મારી પરીક્ષા કરવા આવશે કે નહિ.

આ બાજુ ભગવાને નામદેવની પરીક્ષા લેવાની તૈયારી કરી. તેમણે એક કદરૂપા ભિખારીનું રૂપ લીધું. રૂક્મિણીને પણ એક કદરૂપી ભિખારણ થવાનું કહ્યું. સાથે એક બળદ લીધો અને તેના ઉપર બધો સરસામાન ગોઠવ્યો. માયાથી બે છોકરા ઉત્પન્ન કર્યા અને તેમને પોતાને ખભે બેસાડ્યા. એક ટોપલીમાં બે મરઘીઓ, તવો, વાસણ વગેરે વસ્તુઓ ગોઠવી રૂક્મિણીને માથે તે ચડાવી. અને આ બધા સાથે ભગવાન તળાવને કિનારે આવી પહોંચ્યા.

ભિખારીને દૂરથી જોઈ નામદેવ મનમાં બોલ્યાઃ "આ જંજાળ વળી અહીં ક્યાંથી આવી ? આજે ભગવાન મારી પરીક્ષા કરવા અહીં આવે એવાં ચિહ્નો જણાતાં નથી."

ભગવાન રૂક્મિણિને કાનમાં રહે, "આજે નામદેવની બરાબર કસોટી કરવી છે. માટે તારો વેશ બરાબર ભજવજે." "તેની જરાય ચિંતા તમે ન કરતા."

"ભિખારી અને ભિખારણ નામદેવની નજીક પહોંચ્યાં.

નામદેવે પૂછ્યું : "ક્યાં જવું છે તમારે ?" ભિખારી કહે, "પંઢરપુર !"

નામદેવ કહે, "તો તમે લોકો અહીંથી એકદમ ચલતી પકડો."

ભિખારીએ જવાબ આપ્યો, "કેમ ભલા ? અમે તો અહીં ભાખરી-બાખરી ખાઈને જ આગળ જવાના છીએ."

ભિખારીને આમ સામા જવાબ આપતો જોઈ નામદેવને થયું :

"આવા ભિખારીઓ જોડે બહુ બોલવામાં સાર નથી, મૂંગા બેસવામાં ફાયદો છે."

ભિખારીએ બળદ ઉપરથી સામાન નીચે ઉતાર્યો.

ભિખારણે રોડાં ગોઠવી કામચલાઉ ચૂલો તૈયાર કરી લોટની કણક બાંધી.

ભાખરી તૈયાર થઈ ગયા પછી ભિખારણે પૂછ્યું : "આજે શેની દાળ બનાવું ?"

"આજે તો બસ મરઘીની જ મજાની દાળ બનાવ."

ભિખારણે નાની તપેલી ચૂલા પર મૂકી. પહેલા તેમણે એક મરઘી તપેલીમાં નાખી તોય તપેલી ભરાઈ નહિ. એટલે બીજી મરઘી નાખી તોય તપેલી અધૂરી રહી.

એટલે ભિખારણે એક છોકરું તેમાં નાખ્યું તોય તપેલી ભરાઈ નહિ.

બીજું છકરું પધરાવ્યું તોય તપેલી તો અધૂરી ને અધૂરી જ રહી.

નામદેવ બેઠાં બેઠાં આ બધું જોતા હતાં. તપેલી ભરાતી નહોતી એ જોઈ તેમને આશ્ચર્ય થયું. મનમાં ડર પણ લાગ્યો કે આ ભિખારી માણસ નહિ, પણ રાક્ષસ હોવો જોઈએ.

કદાચ તે પોતાને ઊંચકીને તો તપેલીમાં નહિ નાખેને ?

એટલે નામદેવે ત્યાંથી નાસી જવાનો વિચાર કર્યો. ભગવાન તેમની પરીક્ષા કરવા આવવાના છે તેનું પણ સ્મરણ રહ્યું નહિ અને પોતાનો જીવ કેવી રીતે બચાવવો તેની વેતરણમાં પડી ગયા. એવામાં ભિખારણે ભિખારીને પૂછ્યુંઃ

"આ તપેલી તો હજુ અધૂરી જ છે, એટલે તેમાં હવે શું નાખું ?"

નામદેવ તરફ આંગળી ચીંધી ભિખારીએ કહ્યું, "આ અહીં બેઠેલો માણસ ઠીક ઠીક અલમસ્ત જણાય છે. તેને તપેલીમાં નાખી દે એટલે તે ભરાઈ જશે. જો, તેને બરાબર પકડજે, નહિ તો પાછો નાસી જશે."

ભિખારીના ઉપરના શબ્દો સાંભળતાં જ નામદેવ ચોંકી ઊઠ્યા અને જીવ બચાવવા ત્યાંથી દોડ્યા. ભિખારણ તેની પાછળ પડી.

નામદેવ દોડતાં દોડતાં આવી શ્રીવિઠ્ઠલના મંદિરમાં ભરાઈ ગયા.

તેમને આમ ગભરાયેલા ને બેબાકળા બનેલા જોઈ વિઠ્ઠલનું હસવું તો સમાય નહિ! શાંત પાડી પૂછ્યું. "નામદેવ ! આટલા બધા ગભરાવાનું કારણ શું ?"

નામદેવે તેમને બધી હકીકત કહી.

શ્રીવિઠ્ઠલ કહે, "તું મને ઓળખી કાઢવાનો હતો ને ? અરે, હું જ તે ભિખારી હતો અને રૂક્મિણી ભિખારણ બન્યાં હતાં. એટલે જ તને કહું છું કે તું હજી મને સાચા સ્વરૂપે ઓળખતો નથી. તારે કોઈ સારો ને સાચો ગુરુ કરવો જોઈએ અને તેની પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ. તો જ તને મારું સાચું સ્વરૂપ સમજાશે."

નામદેવનું બધું અભિમાન ઊતરી ગયું. હજુ સુધી પોતે ઘણા જ અજ્ઞાની છે એ હકીકત તેમને સમજાઈ ગઈ. શ્રીવિઠ્ઠલને તે કહે, "ભગવન્, તમારું કહેવું સાચું છે. હું હજી અજ્ઞાની જ છું. તમારું સાચું સ્વરૂપ કેવું હશે તેનું મને જરાય ભાન નથી. તમારું સાચું સ્વરૂપ ઓળખાવે એવો ગુરુ મને ક્યાંથી મળશે?"

ભગવાને જવાબ આપ્યો, "તું આંવઢ્યા નાગનાથ જા. ત્યાં વિસોબા ખેચર નામનો મારો એક ભક્ત રહે છે. તેને મારે વિશે પૂરેપૂરું જ્ઞાન થઈ ચૂક્યું છે. તું તેને તારો ગુરુ બનાવ. તે તને બધું જ્ઞાન આપશે."

શ્રીવિઠ્ઠલની આજ્ઞા પ્રમાણે નામદેવ આંવઢ્યા નાગનાથ આવ્યા. આ સ્થળે જ કરેલાં પાપ બદલ તેમને પશ્ચાત્તાપ થયો હતો અને તે ફરીથી પાછા સારે માર્ગે વળ્યા હતા.

નાગનાથ મહાદેવના મંદિરમાં આવ્યા. મંદિરમાં તેણે એક બુઢ્ઢાને સૂતેલો જોયો. તેના આખા શરીરે કોઢ નીકળ્યા હતા. તેમાંથી પરુ અને લોહી નીકળતાં હતાં. તેમાંથી એટલી બધી દુર્ગંધ નીકળતી હતી કે નાકે ડૂચો જ દેવો પડે. આ સ્થિતિમાં એ નિરાંતે શિવલિંગ ઉપર પગ નાખી પડ્યા હતા. તેમને જોતાં જ નામદેવને લાગ્યું કે આ જ વિસોબા ખેચર હોવા જોઈએ.

પણ તેમને આમ નિરાંતે શિવલિંગ ઉપર પગ મૂકી સૂતેલા જોઈ નામદેવને માઠું લાગ્યું. વિસોબાની પાસે જઈ કહ્યું: "અરે, મહારાજ ! શિવલિંગ ઉપરથી પગ બાજુએ મૂકો."

વિસોબા કહે, "બેટા ! હું તો હવે ઘણો ઘરડો થયો છું. મારામાં તો પગ ઊંચો કરવા જેટલી શક્તિ રહી નથી. મહેરબાની કરી શિવલિંગ જ્યાં ન હોય ત્યાં તું જ પગ મૂકી આપ."

નામદેવે વિસોબાનો પગ શિવલિંગ ઉપરથી ઊંચકી બાજુએ મૂક્યો, પણ ત્યાં જ પગની નીચે બીજું શિવલિંગ ઉત્પન્ન થયું. નામદેવે ત્યાંથી પગ ખસેડી ત્રીજી જગ્યાએ મૂક્યો, તો ત્યાં પણ પગ નીચે વળી પાછું શિવલિંગ પેદા થયું. આમ, નામદેવ જ્યાં-જ્યાં પગ મૂકે ત્યાં-ત્યાં પગ નીચે શિવલિંગ દેખાય. વિસોબા કેટલા ઉચ્ચ કોટિના ભક્ત છે તેનું તેમને ભાન થયું અને તેમનો પગ માથે મૂકી શિષ્ય તરીકે સ્વીકારવા તેમને વિનંતિ કરી.

નામદેવ ઉપદેશ લેવા પોતાની પાસે આવ્યા છે તે તો વિસોબા પોતાની શક્તિથી

અગાઉથી જ જાણી ગયા હતા. બધી જગ્યાએ ઈશ્વર જ રહેલો છે તે દર્શાવવા વિસોબાએ શિવલિંગનો ચમત્કાર નામદેવને દેખાડ્યો હતો. નામદેવે પોતાના ગુરુની ઉત્તમ રીતે સેવા કરી. પોતાના પરની ભક્તિ જોઈ વિસોબાને આનંદ થયો અને તેના માથા ઉપર હાથ મૂકી ઉપદેશ આપ્યો. પંઢરપુરની મૂર્તિમાં દેખાતા પાંડુરંગ આખા જગતમાં કેવી રીતે રહેલા છે તે સમજાવ્યું અને પછી નામદેવને પંઢરપુર વિદાય કર્યા.

પંઢરપુર પાછા ફર્યા પછી પણ, નામદેવે ગુરુનો ઉપદેશ પચાવ્યો છે કે નહિ તેની કસોટી કરી જોવાનું એક દિવસ ભગવાનને મન થયું. એક દિવસ નામદેવ ઘેર જમવા બેઠા હતા એવામાં એક કૂતરું ત્યાં આવ્યું અને નામદેવની થાળીમાંથી ભાખરી ઉપાડી દોડ્યું.

નામદેવ તુરત સમજી ગયા કે ભગવાન કૂતરાનું રૂપ લઈ મારી પરીક્ષા કરવા આવ્યા છે.

એટલે તેમણે ઘીની વાટકી હાથમાં લીધી અને કૂતરા પાછળ દોડ મૂકી.

કૂતરાને કહ્યું: "પ્રભુ! તું લુખ્ખી કેવી રીતે ખાઈ શકીશ ? તેના ઉપર થોડું ઘી ચોપડવા દે."

નામદેવ પોતાને ઓળખી ગયા છે એ જોઈ ભાખરી રસ્તામાં પડતી મૂકી ભગવાન અદૃશ્ય થઈ ગયા.

નામદેવ મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે ભગવાને તેમને આશીર્વાદ આપ્યા :

"તું હવે પાકો ભક્ત બન્યો છે. મારા સાચું સ્વરૂપને હવે તું ઓળખતો થયો છે. તને જે જ્ઞાન થયું છે તેનો ઉપયોગ લોકોના કલ્યાણ માટે તું કર."

ભગવાનની આજ્ઞા સાંભળી નામદેવના આનંદનું તો પૂછવું જ શું ! ભગવાનને ચરણે પોતાનું મસ્તક નમાવ્યું અને હર્ષનાં આંસુથી ભગવાનનાં ચરણ ભીંજવી દીધાં.

## પંઢરપુરના પરચા

એક વાર નામદેવની માતા ગોંણાઈને સખત ઉધરસ થઈ, એટલે નામદેવને બાવળની છાલ લાવવા માટે મોકલ્યા. નામદેવે કુહાડી લઈ બાવળનો ઘા કર્યો.

ઝાડ ઉપર ઘા થતાં જ ઝાડ થરથર કાંપવા લાગ્યું અને તેનાં પાંદડાં નીચે ખરી પડ્યાં.

નામદેવે છાલ ખેંચતાં જ તેમાંથી લોહીના જેવું લાલ પ્રવાહી બહાર નીકળવા માંડ્યું.

આ જોઈ તેમને પસ્તાવો થયો અને કરેલા પાપના પ્રાયશ્ચિત્ત રૂપે પોતાના પગ ઉપર કુહાડીનો ઘા કરી, જેટલી છાલ બાવળના ઝાડ પરથી ઉખાડી હતી તેટલી ચામડી પોતાના પગ ઉપરથી ઉખાડી નાખી.

આથી તેમને અસહ્ય વેદના થવા લાગી. પણ કુહાડીના ઘાથી ઝાડને પણ આટલી જ વેદના થઈ હશે એમ સમજી પોતાનું દુઃખ સહન કરવાનો પ્રયાસ કર્યો. પણ તેથી વેદના તો થોડી જ ઓછી થઈ શકે છે ? તેઓ બેશુદ્ધ થઈ જમીન પર ઢળી પડ્યા.

પાંડુરંગને આ વાતની જાણ થતાં જ તેઓ ત્યાં ઊપડ્યા અને નામદેવ તથા ઝાડના ઘા ઉપર પોતાનો હાથ ફેરવ્યો. તુરત જ ઘા રુઝાઈ ગયો અને નામદેવ જાગૃત બની બેઠા થયા.

પાંડુરંગને ત્યાં ઊભેલા જોતાં જ તેઓ તેમને ચરણે ઢળી પડ્યા.

એ પછી આ બાજુ ગોંણાઈની ઉધરસ આપોઆપ મટી ગઈ હતી.

પંઢરપુરથી થોડે દૂર બેદર નામનું શહેર હતું. ત્યાંના એક બ્રાહ્મણે પાંડુરંગની એવી બાધા રાખી હતી કે, જો તેનું અમુક કામ પાર પડશે તો, તે નામદેવને બેદર બોલાવી એક મોટો ઉત્સવ કરશે. આ બ્રાહ્મણની બાધા પૂરી કરવા નામદેવને બેદર આવવાની વિનંતિ કરી.

પાંડુરંગની રજા લઈ પંઢરપુરના અનેક બ્રાહ્મણોને લઈ નામદેવ બેદર જવા નીકળ્યા.

રસ્તામાં ગામેગામ ભજન કરતા જાય ને આગળ વધતા જાય.

આ રીતે પ્રવાસ કરી થોડા દિવસોમાં બેદર પહોંચ્યા. તે વખતે બેદરમાં મુસલમાન સુલતાનનું રાજ્ય હતું. દૂરથી નામદેવનો સંઘ જોયો તો તેને એમ જ લાગ્યું કે દુશ્મન પોતાના શહેર ઉપર હુમલો કરવા આવી રહ્યો છે. એટલે ખાતરી કરવા પોતાના સેનાપતિને શહેર બહાર મોકલ્યા. પઠાણોની એક ટુકડી લઈ સેનાપતિ શહેર બહાર ગયો અને નામદેવના સંઘને શહેરમાં દાખલ થતાં અટકાવ્યો. ત્યારે નામદેવ આગળ આવ્યા અને સેનાપતિને કહેવા લાગ્યા, "હું તો ત્રિલોકના નાથ પાંડુરંગનો સેવક છું અને આ બધા મારા અનુયાયીઓ છે. અમે તીર્થયાત્રા કરવા અહીં આવ્યા છીએ, માટે અમને શહેરમાં દાખલ થવા દો."

નામદેવની વાત સાંભળી સેનાપતિ સુલતાનના પ્રધાન કાશીપંત પાસે ગયા અને તેમને બધી વાત કહી. કાશીપંતે નામદેવની કીર્તિ સાંભળી હતી.

તેમના જેવા સાધુપુરુષને સુલતાનની ફોજે અટકાવ્યા તેથી ઘણું દુઃખ થયું.

તુરત જ બાદશાહ પાસે પહોંચી કહ્યું : "અમારા હિંદુઓના દેવ પંઢરીનાથ પાંડુરંગના પરમ ભક્ત નામદેવને શહેરમાં દાખલ થતા આપની ફોજે અટકાવ્યા છે. તેમને શહેરમાં દાખલ થવાની પરવાનગી આપવી જોઈએ આપે."

પણ કાશીપંતની આ વિનંતિ સુલતાને માન્ય રાખી નહિ.

તે કહે, 'એવો તે કોણ મોટો હિંદુ ઓલિયો આવ્યો છે ? મારે તેને જોવા પડશે. તમે તેને તથા તેની સાથે આવેલા માણસોને અહીં પકડી મંગાવો.'

કાશીપંતે ફરીથી સુલતાનને નમ્રતાપૂર્વક કહ્યું, "સાધુ પુરુષોની પરીક્ષા કરવાના બહાના હેઠળ તેમની સાથે કપટ કરવું બરાબર નથી. તેનું સારું પરિણામ નહિ આવે. નામદેવ પરમેશ્વરના એકનિષ્ઠ ભક્ત છે. અને તેમની સાથે કપટ કરશો તો આપને તથા આપના રાજ્યને ભારે નુકસાન થશે."

કાશીપંતના આ ભાષણની પણ સુલતાન ઉપર કંઈ અસર ન થઈ.

નામદેવ તથા તેમના અનુયાયીઓને પકડી પોતાની સમક્ષ હાજર કરવા હુકમ છોડ્યો.

સુલતાનના માણસો નામદેવ અને તેમના અનુયાયીઓને પકડી દરબારમાં હાજર થયા અને સુલતાન સમક્ષ ખડા કર્યા. સુલતાને એક ગાય અને કસાઈને બોલાવ્યા અને નામદેવના દેખતાં કસાઈને તે ગાયનું માથું ઉડાડી દેવાનો હુકમ કર્યો.

પછી નામદેવ તરફ જોઈ કહ્યું : "તું મોટો ઓલિયો છે એમ તારા જાતભાઈઓ કહે છે. હવે જો તું ગાયને જીતવી બેઠી કરે તો તને છોડી દઈશ; નહિ તો તને તથા તારી સાથેના બધા બ્રાહ્મણોને વટલાવી મુસલમાન બનાવી દઈશ."

સુલતાનની ધમકી સાંભળી બીજા બ્રાહ્મણો તો રડવા લાગ્યા, પણ નામદેવે સૌને ધીરજ ધરવાનું કહ્યું. ગાયનું માથું ખોળામાં લઈ પાંડુરંગનું ભજન શરૂ કર્યું. કહેવા લાગ્યાઃ

"હે દેવાધિદેવ પાંડુરંગ, મારે હાથે તારો કોઈ પણ અપરાધ થયો નથી. છતાં મારા ઉપર આ ભારે સંકટ આવી પડ્યું છે. આ ગાય જીવતી નહિ થાય તો સુલતાન અમને મુસલમાન બનાવી દેશે. આજે મારી જ નહિ, તારીયે કસોટી છે. તારો સાચો ભક્ત હોઉં અને તારા ભક્ત માટે લાગણી હોય તો આ ગાય બેઠી થવી જ જોઈએ. તેં તો આખી સૃષ્ટિ બનાવી છે; તો આ મરેલી ગાયને જીવતી કરવી એ તારે માટે રમતવાત છે ! મારા પર દયા ન આવતી

હોય તો આનંદથી આત્મહત્યા કરીશ, પણ મુસલમાન તો નહિ જ થાઉં.'

કાકાલુદીભર્યા શબ્દો કાને પડતાં જ ભગવાન બેઠા હતા ત્યાંથી ઊભા થયા અને છૂપા વેશમાં નામદેવની આગળ જઈ ઊભા. નામદેવે દિવ્ય ચક્ષુથી ભગવાનને જોયા.

ગાય ઉપર હાથ ફેરવી બોલ્યા, "માતા, હવે બેઠી થા !"

તુરત જ ગાય બેઠી થઈ ગઈ. ત્યાં ભેગા થયેલા હિંદુઓએ "પુંડળિક વરદા હરિ વિઠ્ઠલ"-નો જબરો જયઘોષ કર્યો.

સુલતાન અને તેમના સાથીદારો તો જાણે થીજી ગયા. કાશીપંતને પણ ઘણો આનંદ થયો. સુલતાનની જરાય પરવા કર્યા વગર નામદેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

પાંડુરંગે પોતાની લાજ રાખી તેથી નામદેવનો કંઠ ભરાઈ આવ્યો.

આંખમાંથી પ્રેમાશ્રુની ધારા વહેવા લાગી.

બેદરમાં સુલતાને મારેલી ગાય નામદેવે જીવતી તો કરી, પણ સુલતાને સાધુ પુરુષનું આવું અપમાન કર્યું તેનું પરિણામ સુલતાને અને તેની પ્રજાએ ભોગવવું જ પડ્યું.

જે દિવસે નામદેવની કસોટી કરી તે જ દિવસે સુલતાનના મહેલમાંથી એટલા બધા સાપ નીકળ્યા કે રાજગઢની આજુબાજુનો બધો ભાગ અસંખ્ય સાપથી છવાઈ ગયો.

શહેરમાં હાહાકાર મચી ગયો. સુલતાન ગભરાયો. કાશીપંતને બોલાવી સલાહ પૂછી.

કાશીપંતે કહ્યું, "નામદેવને આપે નકામા હેરાન કર્યા તેનું આ દુષ્પરિણામ છે. હવે તો નામદેવને જ વિનંતિ કરીએ કે આ સંકટ દૂર કરો તો જ કંઈ થઈ શકે."

સુલતાને કાશીપંતને નામદેવ પાસે જવાનું કહ્યું અને પોતા વતી નામદેવની માફી માગવાનું કહ્યું. કાશીપંત નામદેવ પાસે ગયો.

પગે લાગી કહ્યું : "બાદશાહે હેરાન કર્યા તેની યોગ્ય શિક્ષા આપે બાદશાહને કરી છે. બાદશાહ ગુના માટે માફી માગે છે. આપના શાપથી ઉત્પન્ન થયેલા લાખો સાપો કેટલાય લોકોનો જીવ લઈ રહ્યા છે. આપ તો હરિના લાડીલા છો, દયાના સાગર છો. મૃત્યુ પામેલા માણસોનાં સ્ત્રીબાળકો પ્રત્યે આપ દયા નહિ દાખવો તો ખુદ પરમેશ્વર પણ તેમનું રક્ષણ કરવા અસમર્થ છે. મહારાજ, હવે દયા કરી ગરીબ લોકોના જીવ બચાવો."

તે વખતે નામદેવ સમાધિમાં બેઠા હતા, એટલે કાશીપંતે શું કહ્યું તે સાંભળ્યું નહોતું. પણ પાંડુરંગે તેમને સાવધ કર્યા. પોતાની નજર સમક્ષ સેંકડો માણસોનાં મડદાં અને તેમનાં સગાંવહાલાંને શોક કરતાં જોઈ નામદેવનું હૃદય પીગળી ગયું.

પાંડુરંગને પ્રાર્થના કરી : "ભગવન્, હવે બહુ થયું."

ભગવાને મડદાં સામે અમી નજર નાખતાં એ બધાં બેઠાં થઈ ગયાં અને પોતપોતાને ઘેર ચાલતાં થયાં !

તે પછી નામદેવ કેટલાક દિવસ સુધી બેદર રોકાયા અને ભજન-કીર્તનની રમઝટ જમાવી. જે માણસે પોતાને બાધા મૂકવા ત્યાં બોલાવ્યા હતા તેને ત્યાં હાજર રહી નામદેવે સાંગોપાંગ ઉત્સવ પાર પાડ્યો અને પોતાના અનુયાયીઓ સાથે પંઢરપુર પાછા ફર્યા.

આ વખતે તેમણે જીવતી બેઠી કરેલી ગાય પણ તેમની સાથે પંઢરપુર પાછી આવી.

પંઢરપુરમાં કમલાકર નામનો ખૂબ પ્રેમાળ ને સજ્જન બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ સુમતિ હતું. તે પણ જબરી પતિવ્રતા હતી. તેને પદ્માકર નામે દીકરો હતો. કમલાકર ભીખ માગી નિર્વાહ ચલાવતો હતો. એક દિવસ તે ભીખ માગતો ગામમાં ફરતો હતો ત્યારે

તેણે નિવૃત્તિ, જ્ઞાનેશ્વર, નામદેવ વગેરેને ભજન કરતાં જોયાં. આ લોકોને જોઈ કમલાકરને આનંદ થયો. તેને થયું : "આ સંતોને મારે ત્યાં નોતરું અને તેમની યથાશક્તિ સેવા કરું."

સંતો પાસે જઈ, પ્રણામ કરી બોલ્યો, "મહારાજ, આપ સહુ આજે મારે ત્યાં ભોજન લો એવી વિનંતિ છે. હું ગરીબ બ્રાહ્મણ છું. ભિક્ષા ઉપર નભું છું. મુજ ગરીબને ઘેર પધારી મારું આંગણું પાવન કરો એટલી જ મારી મહેચ્છા છે."

સંતો કહે, "અમે આટલા બધા માણસો છીએ અને તું તો સાધનહીન ગરીબ બ્રાહ્મણ છે. આટલા બધાને કેવી રીતે જમાડી શકીશ ? તું મળ્યો એ અમારે મન સંતોષની વાત છે."

કમલાકર કહે, "મહારાજ, આટલા બધા સંતોને જમાડવાની વ્યવસ્થા શી રીતે થશે તેની ચિંતા આપે કરવાનું કારણ શું ?"

આટલો બધો પ્રેમાગ્રહ જોઈ સંતો બોલ્યા, "ઠીક છે. તારો આગ્રહ હોય તો અમારે ના પાડવાનું કોઈ કારણ નથી. તારે ઘેર જઈ રસોઈની તૈયારી કર. ચંદ્રભાગામાં સ્નાન કરી અમે આવી પહોંચીએ છીએ."

સંતોનાં ચરણથી આજે ઘર પાવન બનશે એ વિચારથી એને અત્યંત આનંદ થયો.

તે જલદીથી ઘેર ગયો અને પત્ની સુમતિને કહેવા લાગ્યોઃ "આજે આપણે ત્યાં સંતો ભજન માટે આવવાના છે. જલદી જલદી સરસ રસોઈ કરી નાખ."

પતિને આમ બોલતો સાંભળી સુમતિના પેટમાં ધ્રાસ્કો પડ્યો; કારણ કે, આજે ઘરમાં અનાજનો એક દાણોય નહોતો. પણ તેના પતિની માફક તેનેય પાંડુરંગ ઉપર અણનમ આસ્થા હતી. પાડોશણને ત્યાંથી જરૂર જેટલા દાણા ઉછીના લઈ રસોઈ બનાવવી શરૂ કરી.

ચૂલામાં દેવતા જરાક ધીમો પડતાં, આંગણામાં પડેલાં છાણાંના ઢગલામાંથી છાણાં લઈ આવવાનું પોતાના દીકરાને કહ્યું. પદ્માકર છાણાંના ઢગલામાં જેવો હાથ નાખવા જાય છે ત્યાં છુપાઈને બેઠેલા એક ભયંકર ઝેરી સાપે હાથ ઉપર દંશ માર્યો.

મોટી ચીસ પાડી જમીન ઉપર બેભાન થઈને તે પડ્યો.

ચીસ સાંભળી સુમતિ રસોડાની બહાર આવી. જુએ છે તો પદ્માકર બેભાન પડ્યો છે અને નજીકમાંથી જ સાપ પસાર થઈ રહ્યો છે. જોતજોતમાં મૃત્યુ પામેલો જોઈ એ સાધ્વીને કેટલું દુઃખ થયું હશે ! પરંતુ આજનો પનોતો પ્રસંગ યાદ કરી તેણે આંસુ ખાળ્યાં.

મનમાં બોલી, "જો હું આંસુ સારતી બેસી રહીશ તો સંતોને માટે રસોઈની વ્યવસ્થા કોણ કરશે? અત્યારે તો દુઃખને દફનાવી દઈ સંતોની સત્કાર કરવો જોઈએ."

આમ વિચારી શબ ઘરમાં લીધું અને પારણામાં સુવાડી તેના ઉપર કપડું ઢાંકી દીધું.

થોડી વાર પછી બધા સંતો તેને ઘેર આવ્યા. પુત્રના મૃત્યુથી સુમતિનું હૃદય ભરાઈ આવ્યું હતું, પણ મોં ઉપર દુઃખ દેખાવા દીધું નહિ. ઊલટું, હસતે મોંએ સંતોનું સ્વાગત કર્યું.

સાપ કરડવાથી પદ્માકર મૃત્યુ પામ્યો છે અને તેનું શબ ઘરમાં સંતાડેલું છે એ વાત સુમતિએ ખુદ પતિનેય જણાવી નહિ. આ બધી ધમાલમાં પદ્માકર ક્યાં છે તેની પૂછપરછ કરી નહિ.

તેને લાગ્યું કે આજુબાજુ ક્યાંક રમવા ઊપડ્યો હશે.

કમલાકરે સંતોનાં ચરણ ધોયાં. ભક્તિભાવે જળ માથે ચડાવી સુમતિને પણ આપ્યું.

સુમતિએ ભાણાં તૈયાર કર્યાં અને "પુંડળિક વરદા હરિ વિઠ્ઠલ"નો ઘોષ કરી સૌ સંતો જમવા બેઠા. નામદેવે મનોમન પાંડુરંગનું ધ્યાન ધર્યું, પણ કોણ જાણે કેમ, આજે પાંડુરંગ

ધ્યાનમાં દેખાયા જ નહિ. એટલે આજના ભોજનમાં કોઈ વાંધો હોવો જોઈએ એમ તેમને લાગ્યું.

નામદેવના જેવો જ અનુભવ અન્ય સંતોને પણ થયો.

પદ્માકરના મૃત્યુને કારણે વાતાવરણમાં જ એક પ્રકારની ગમગીની છવાઈ ગઈ હતી, તેથી કોઈના મનને શાંતિ લાગતી નહોતી.

વળી, સવારે કમલાકર સંતોને જમવાનું આમંત્રણ આપવા ગયો ત્યારે પદ્માકર સાથે હતો. સંતોએ જોયો પણ હતો.

ઘરમાં આટલો ઉત્સવ હોય અને છોકરો શાંત બેસી રહે કે બીજાને ઘેર રમવા ઊપડી જાય એ તો કોઈનાય માન્યામાં ન આવે. બધા સંતોને નવાઈ જેવું લાગ્યું.

નામદેવે બીજા એક સંતને આ વાત કહી, ત્યારે તેમણે કમલાકરને કહ્યું: "સવારના તારી સાથે તારો છોકરો આવ્યો હતો તેનેય અમારી જોડે જ પંગતમાં જમવા બેસાડ."

મહેમાનના આ શબ્દો કાને પડતાં જ સુમતિ ચોંકી ઊઠી. કારણ કે, તેને એકલીને જ સાચી વાતની ખબર હતી. તે પ્રભુને પ્રાર્થના કરવા લાગી, "ભારે વેદનાથી છોકરાનું દુઃખ વીસરી જઈ મેં આટલી મહેનત કરી છે તે નકામી જવાનો પ્રસંગ આવ્યો છે. હે પાંડુરંગ, હવે તારા સિવાય બીજું કોણ મારી લાજ રાખી શકે એમ છે? સત્કારમાં વાંધો ન આવે એટલા માટે પુત્રશોકને ભૂલી જઈ મેં હસતું મોં રાખ્યું છે. તેમ છતાં આ સંતો અહીંથી ભૂખ્યા ચાલ્યા જશે તો પ્રાણત્યાગ કરીશ."

ભગવાનને પ્રાર્થના કરી એ બહાર આવી. સર્વ સંતોને હાથ જોડી કહ્યું :

"મહારાજ, પદ્માકરને મેં જમાડી પારણામાં ઉંઘાડી દીધો છે. ઘરમાં એકલી હોવાથી રસોઈ જરા મોડી થઈ. છોકરાને સખત ભૂખ લાગી હતી, તેથી તેને પહેલાં જમાડી સુવાડી દીધો છે. મનમાં કંઈ પણ સંકોચ લાવ્યા વિના તમે-તમારે નિરાંતે જમો."

નામદેવે સુમતિને સ્પષ્ટ કહી દીધું કે, "તને ફાવે તે કર, પણ અમારી પંગતમાં તો એને બેસાડવો જ પડશે; નહિ તો વિઠોબાના સોગંદ ખાઈ કહું છું કે ત્યાં સુધી એકપણ દાણો મોંમાં નહિ નાખું."

નામદેવનો આ સત્યાગ્રહ કેટલાક સંતોને નાપસંદ પડ્યો :

"નામદેવ, અહીં ભૂખથી અમારો જીવ જાય છે અને તું આવી હઠ શું પકડી બેઠો છે?"

નામદેવે કહ્યું : "તમે બધા નિરાંતે જમો. મારી રાહ ના જોશો. બાળક ઊઠશે ત્યારે જ જમીશ."

આ સાંભળી પેલા સંતો અંદરોઅંદર હસવા લાગ્યા. એકમેકને કહેવા લાગ્યા :

"લોકો કહે છે કે નામદેવ ગાંડા છે તેનો પ્રત્યક્ષ પુરાવો આજે મળ્યો."

સંતોને આમ બોલતાં જોઈ નામદેવને દુઃખ થયું. કહે : "તમે બધા તમારી જાતને 'સંત' તરીકે ઓળખાવો છો, પણ બીજાના દુઃખની કલ્પના નથી આવી શકતી તેથી દુઃખ થાય છે."

આટલું કહી નામદેવ ઊઠ્યા. હાથમાં કરતાર લઈ એકચિત્તે પાંડુરંગનું સ્મરણ કરવા લાગ્યા.

આંખમાંથી એકધાર્યાં આંસુ વહી જાય છે. ઊંચે સ્વરે પાંડુરંગને ઉદ્દેશીને બોલે છે :

"હે ભગવન્, કમલાકર અને તેની પત્ની સુમતિ આટલી ઉચ્ચ કોટિનાં બ્રાહ્મણ હોવા છતાં, એક સર્પ બની, તેમના એકના-એક પુત્રને કરડી, તેં તેનો જીવ લીધો તે ઘણું જ ખોટું થયું

છે. સાચા હૃદયથી તારી ભક્તિ કરનારને તું આમ દુઃખી કરે એ તારે માટે સારું નથી. આવું થશે તો પછી તારી ભક્તિ કરશે કોણ ? તને સંભારશે કોણ ? માટે હે ભગવન્, અત્યારે તું અહીં આવી પદ્માકરને જીવતો બેઠો નહિ કરે તો આજ પછી જીવનભર તારું નામ સુદ્ધાં સંભારીશ નહિ."

પ્રેમાળ ભક્તની આવી કરુણ વાણી સાંભળી પાંડુરંગનું હૈયું પીગળી ગયું.

તે તુરત જ નામદેવની સામે આવી ઊભાઃ

"નામદેવ, એવું તે ક્યું સંકટ તારા ઉપર આવી પડ્યું છે કે તેં મને બોલાવ્યો ?"

નામદેવે કહ્યું, "ભગવન્, લોકો તને 'સર્વજ્ઞ' કહે છે. દુનિયામાં શું શું બની રહ્યું છે તેનાથી પૂરો વાકેફ છે, છતાં મને આવો પ્રશ્ન પૂછે છે એ નવાઈ જેવું કહેવાય. આ બધી વાત બાજુએ મૂક અને કમલાકરનો પુત્ર પદ્માકર સાપ કરડવાથી મૃત્યુ પામ્યો છે તેને જીવતો કર."

આટલા શબ્દો બહાર પડતાં જ અંદરથી પદ્માકરે માને બૂમ પાડીઃ

"મા, મને સખત ભૂખ લાગી છે. કંઈ ખાવાનું આપ."

બાળકના આ શબ્દો કાને પડતાં જ સુમતિ દોડતી દોડતી અંદર ગઈ.

દીકરાને પારણાંમાંથી બહાર કાઢી નામદેવનાં ચરણોમા મૂક્યો.

આંખમાં આંસુ સાથે ગદ્ગદ કંઠે કહ્યું : "મહારાજ, આપ તો સાક્ષાત્ પરમેશ્વર જ છો. આજે આપ અહીં હતા માટે મારો પુત્ર પાછો મળ્યો."

બીજા સંતો બેઠાં બેઠાં આ દૃશ્ય દેખી રહ્યાં હતાં.

સુમતિએ તેમને હકીકત કહી ત્યારે નામદેવની અપૂર્વ શક્તિ જોઈ ઘણું આશ્ચર્ય થયું.

બિચારો કમલાકર તો મૂઢ જેવો બની બેઠો હતો. મૃત્યુ પામેલા દીકરાને નામદેવે પાછો અપાવ્યો તેથી તે પણ નામદેવનાં ચરણોમાં ભક્તિભાવે આળોટી પડ્યો.

પંઢરપુરમાં પારિસા ભાગવત નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે રુક્મિણીનો ભારે ભક્ત હતો. રુક્મિણીએ તેના ઉપર પ્રસન્ન થઈ પારસમણિ આપ્યો હતો.

પારિસાએ તેની પત્નીને એ સોંપી કહ્યું હતું :

"આ મણિ તારી પાસે સંતાડી રાખજે. કોઈને આ વાત કહીશ નહિ."

રોજ થોડું લોખંડ લાવી પેલા પારસને તે અડકાડતો. તેનું સોનું બનાવી બજારમાં વેચી ભારે ઠાઠથી રહેતો. પણ લોકોની આંખે ન ચડી જવાય તેની તે ખાસ દરકાર રાખતો.

એક વખત પારિસા ભાગવતની પત્ની કમળજા ચંદ્રભાગામાંથી પાણી ભરી ઘેર આવતી હતી, ત્યાં ઘાટ ઉપર નામદેવની પત્ની મળી. રાજાઈ કહે, "કમળજાબેન, જરા ઊભાં રહો. હું આટલો ઘડો ભરી આવું. પછી વાતો કરતાં કરતાં સાથે જ ઘેર જઈએ."

ઘડો ભરી આવ્યા પછી બંને વાતો કરતાં કરતાં ઘર ભણી ચાલવા લાગ્યાં.

રાજાઈના અંગ ઉપરનું મેલુંઘેલું વસ્ત્ર જોઈ કમળજાને દુઃખ થયું. પૂછ્યું :

"રાજાઈ, તારો સંસાર કેમ ચાલે છે ?"

રાજાઈ કહે, "કમળજાબહેન, તમારે મોંએ શી વાત કહું ? મારા જેવી દશા તો ભગવાન દુશ્મનની પણ ના કરે. અમારી ગરીબાઈની વાત મારે ન કરવી જોઈએ, પણ આ તો તમે પૂછો છો ત્યારે કહું છું. મારા પતિ દુનિયાને ભૂલી જઈ પાંડુરંગની પ્રીતમાં પાગલ બન્યા છે. ઘરમાં શું છે, શું નથી તેની કશી દરકાર જ નથી. આવી સ્થિતિમાં કુટુંબનિર્વાહ કેવી રીતે ચલાવવો ?"

કમળજાએ પૂછ્યું, "તારા પતિ તો પાંડુરંગના મોટા ભક્ત છે. પાંડુરંગના તેમના ઉપર

ચાર હાથ છે એમ લોકો છૂટથી કહે છે; તો પછી પાંડુરંગે જીવનનિર્વાહ માટે કંઈ સાધન આપ્યું નથી એ કેવું કહેવાય ? જે દેવ ગરીબાઈ દૂર ના કરે એને ભજવાથી ફાયદો પણ શો? એટલે જ મારા પતિએ પાંડુરંગની ભક્તિ ન કરતાં, લક્ષ્મીના અવતાર ગણાતાં રુક્મિણીની ભક્તિ કરી. માં રુક્મિણીએ તેમના પર પ્રસન્ન થઈ અમને પારસમણિ આપ્યો છે. અમે એને લોખંડ સાથે અડાડી સોનું બનાવીએ છીએ. બજારમાં વેચી જેટલા પૈસા મળે તેને આધારે લ્હેરથી જીવીએ છીએ. મા રુક્મિણીની કૃપાથી અમારે ત્યાં કોઈ વાતની ખોટ નથી. આ જોયાને મારા દાગીના ?"

કમળજાની શ્રીમંતાઈનું આ વર્ણન સાંભળી ગરીબ બિચારી રાજાઈ તો આશ્ચર્યચકિત થઈ ગઈ : "કમળજાબહેન, પારસમણિ કેવો હોય છે તે તો જોયો નથી. મને બતાવશો ?"

કમળજા કહે, "જરૂર બતાવીશ. તું મારે ઘેર આવીશ ત્યારે બતાવીશ. પણ વાત કોઈને કહીશ નહિ, નહિ તો અમને ભારે નુકસાન થશે."

બીજે દિવસે રાજાઈ કમળજાને ઘેર ગઈ ત્યારે કમળજાએ પૂજાના ઓરડામાંથી પારસમણિ લાવી રાજાઈના હાથમાં મૂક્યો. કહ્યું : "આ મણિ તું તારે ઘેર લઈ જા. એને થોડું લોખંડ અડાડજે એટલે સોનું થઈ જશે. પણ આ મણિ બીજા કોઈને બતાવીશ નહિ. કામ પતી જાય એટલે છાનેમાને પાછો આપી જજે."

કમળજાનો આભાર માની રાજાઈ પારસમણિ લઈ ઘેર આવી. ઘરમાં થોડું લોખંડ હતું તે અડાડી સોનું બનાવ્યું. તેને બજારમાં વેચી રસોઈ-સામગ્રી ખરીદી.

રસોઈ બનાવવાની ભાંજગડમાં કમળજાને પારસમણિ પાછો સોંપવાની વાત તેને યાદ ન રહી. તે રસોઈ બનાવતી હતી એવામાં નામદેવ બહારથી ઘેર આવ્યા. રસોઈની સુંદર વાસ આવતી જોઈ ઘણું આશ્ચર્ય થયું. પૂછ્યું : "અરે, રસોઈનો સામાન ક્યાંથી લાવી?"

રાજાઈના પેટમાં પાપ હતું એટલે કહ્યું, "એની પંચાત કરવાની તમારે શી જરૂર ? તમેતમારે હાથપગ ધોઈ પાટલા ઉપર બેસો. ફલાણી વસ્તુ ક્યાંથી અને ઢીંકણી વસ્તુ ક્યાંથી આણી એવું અત્યાર સુધી કોઈ દિ' પૂછ્યું છે તે આજે પૂછો છો ? આજથી ઘરની કોઈ બાબતમાં તમારે માથું મારવું નહિ. હું બધું ફોડી લઈશ."

રાજાઈનો આ રૂવાબ અને ઘરનો ઠાઠ જોઈ નામદેવે કહ્યું :

"આ બધું નહિ સમજાવે ત્યાં સુધી અન્નનો એકે દાણો મોંમાં નાખવાનો નથી."

રાજાઈ વિચારમાં પડી. હવે શું કરવું તે સૂઝતું નહોતું. જો નામદેવને વાત કહે તો કમળજાને આપેલું વચન તૂટે અને ન કહે તો નામદેવ અન્ન ન લે. આમ રાજાઈની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ. છેવટે, ગમે તે થાય પણ નામદેવને તો સાચી હકીકત જણાવવી જ એવો નિશ્ચય કરી, પારિસા ભાગવતને ત્યાંથી આણેલા પારસમણિ વિશે બધી હકીકત અથ-ઈતિ કહી દીધી.

પારકાના ધનથી પોતાનું ઘર અપવિત્ર થયું છે એ જોતાં જ નામદેવના હૃદયને સખત આઘાત લાગ્યો. પરંતુ એ દુઃખ બહાર ન બતાવતાં કહ્યું :

"મેં પારસમણિ હજુ સુધી જોયો નથી. જરા બતાવ તો ખરી, કેવો છે ?"

રાજાઈએ નામદેવના હાથમાં મણિ મૂક્યો.

હાથમાં મણિ પડતાં જ નામદેવ સીધા ચંદ્રભાગાને કિનારે પહોંચ્યા.

નદીના વહેતા પ્રવાહમાં એ પધરાવી દઈ, ઘેર પાછા આવી, ભજન કરવા બેસી ગયા.

પારકો પારસમણિ નામદેવે પાણીમાં ફેંકી દીધો તેથી રાજાઈ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

આ બાજુ પારિસા ભાગવત પોતાને ઘેર પૂજા કરવા બેઠો ત્યારે, પારસમણિ નજરે નહિ ચઢતાં, તેના પેટમાં ધ્રાસ્કો પડ્યો. ખરેખર મણિ ચોરાઈ ગયો હોય તો આજથી મારો સંસાર ડૂબ્યો એમ લાગ્યું. પરંતુ બૂમાબૂમ કરતાં પહેલાં પત્નીને પૂછી જોવાનું વિચાર્યું :

"અરે, પૂજામાં આજે પારસમણિ કેમ દેખાતો નથી ?"

કમળજાએ બીતાં બીતાં કહ્યું : "નામદેવની પત્ની રાજાઈ એકાદ ઘડી માટે માગીને લઈ ગઈ છે."

પારિસા કહે, "એ તો હું જાણતો જ હતો. તમે ગમે તેવાં હો, પણ આખરે જાત તો બૈરાંની જ ને ? તમારા પેટમાં ક્યારેય કોઈ વાત છાનીછપની રહી સાંભળી છે ? જા, જા. જલદી જા અને મણિ લઈ આવ. પૂજામાં વાર થાય છે."

બિચારી કમળજા તો બેઠી હતી ત્યાંથી હડફ કરતી ઊભી થઈ. સીધી ગઈ રાજાઈને ઘેર.

કમળજાને જોતાં થયું કે આ મણિ પાછો માગવા આવી છે. પણ નામદેવે તો ચંદ્રભાગામાં નાખી દીધો છે ! તે ક્યાંથી કમળજાને પાછો આપવાની હતી ?

આજીજીપૂર્વક કહ્યું, "કમળજાબહેન, માફ કરજો. મેં ભયંકર ગુનો કર્યો છે. મારા પતિએ મણિ જોવા માટે માગ્યો અને પછી ચંદ્રભાગાના પ્રવાહમાં પધરાવી દીધો."

આ શબ્દો કાને પડતાં જ કમળજાને થયું કે ધરતી માર્ગ આપે તો અત્યારે જ સમાઈ જાઉં.

મણિ વગર ઘેર જાય તો તેની કેવી ભૂંડી વલે થાય ?

એટલે તે રાજાઈને લઈ ચંદ્રભાગાને તીરે ગઈ.

નામદેવ ચંદ્રભાગાને તીરે સમાધિમાં બેઠા હતા.

રાજાઈએ જાગૃત કરી કહ્યું, "પારિસા ભાગવતની પત્ની કમળજા તેનો મણિ માગવા આવી છે." નામદેવે કહ્યું : "મણિ તો મેં ક્યારનો પાણીમાં નાખી દીધો !"

નામદેવને આમ બોલતો સાંભળી રાજાઈ, કમળજા બંને પોકેપોક મૂકી રડવા લાગ્યાં.

તમાશાને કંઈ તેડું થોડું હોય છે ? પુષ્કળ લોકો ત્યાં ભેગાં થઈ ગયાં.

એવામાં કોઈક વળી પારિસા ભાગવતને ત્યાં જઈ કહી આવ્યું કે, "તારો પારસમણિ તો નામદેવે પાણીમાં પધરાવી દીધો, તેથી તારી પત્ની નદીકિનારે પોકો પાડતી બેઠી છે."

પારિસા દોડતો નદીકિનારે પહોંચ્યો. મનમાં બોલ્યો : "આ હરામખોર નામ્યાએ યુક્તિ કરી પારસમણિ મંગાવ્યો ને હવે નદીમાં નાખી દીધાનું બનાવટી બહાનું બતાવે છે !"

લોકોને શું ? તેમને તો વાતોનો એક વિષય મળ્યો. કોઈએ કહ્યું :

"કેમ રે, પારિસા, તારી પાસે પહેલાં પારસમણિ હતો તેનો પુરાવો શો ? તારી પાસે ખરેખર પારસમણિ હતો એ વાત આટલા દિવસ સુધી અમારાથી શા માટે છુપાવી રાખી ?"

બીજા કહે, "હું તો પહેલેથી જાણતો હતો કે તેની પાસે કંઈક હોવું જોઈએ; નહિ તો આ બ્રાહ્મણના ઘરમાં દરદાગીના આવે ક્યાંથી ? સારું થયું. મૂરખને ઠીક શિક્ષા મળી."

ત્રીજો વળી કહે, "નામદેવની સ્થિતિ તો તું જાણતો હતો. તો પછી તેને મણિ આપ્યો જ શું કરવા ?"

પારિસાએ કહ્યું, "મેં નથી આપ્યો. મારી આ અંબા ભવાનીએ આપ્યો છે."

પછી નામદેવ ઉપર ચીડાઈને બોલ્યો : "તું અને તારો ભગવાન બંને ચોરના ભાઈ ઘંટી-ચોર છો. સાધુતાનો મોટો ને ખોટો ડોળ કરી, ગળામાં તુળસીની માળા ઘાલી, લોકોનાં ગળાં

શા માટે રહેંસે છે ?"

નામદેવે શાંતિથી કહ્યું, "તારા મણિની મારે શી જરૂર ? તું પણ બહારથી તો મોટો ત્યાગી હોવાનો દાવો કરે છે, એટલે તારે એ મણિની શી જરૂર છે ? માટે જ ચંદ્રભાગાના પ્રવાહમાં પધરાવી દીધો. ચંદ્રભાગામાં ડૂબકી મારીને ખાતરી કરી જો."

નામદેવને આમ બોલતાં સાંભળી, આજુબાજુ ભેગા થયેલા માણસો હસવા લાગ્યા.

કોઈ કહે, "નામદેવ કેવું વિચિત્ર બોલે છે ? નદીને તળિયે તો લખોટા જેવા હજારો પથ્થર છે. તેમાં પારિસાનો મણિ ક્યો તેની શી ખબર પડે ?"

નામદેવ કહે, "મશ્કરીની વાત નથી કરતો. ઊભા રહો, હું જ તેનો મણિ બહાર કાઢી બતાવું છું."

આટલું કહી નામદેવે પાણીમાં ડૂબકી મારી અને હાથમાં માટીનું એક ઢેફું લઈ બહાર આવ્યા. પછી પારિસાને કહ્યું : "પરસોબા, આમાંથી તારો પારસમણિ શોધી લે."

લોકો ફરીથી હસવા લાગ્યા. એકે તો ટીકાય કરી કે, "નામદેવની દૃષ્ટિએ તો માટી અને મણિ સરખાં જ દેખાય છે."

બીજો કોઈ કહે, "અરે, પણ જરા થોડું લોખંડ તો આણો. આ માટીમાં મણિ હશે તો લોખંડ આપોઆપ સોનું થઈ જશે,. હાથના કંકણને વળી આરસીની જરૂર શી છે ?"

એ પછી કોઈ માણસે કેટલીક સોયોને એ માટીના ઢેફા સાથે અડાડી. તુરત જ સોનાની થઈ ગઈ. નામદેવે નદીના પ્રવાહમાંથી કાઢેલી માટીનું ઢેફું પારસમણિ જ છે એ જોઈ ભાવિક ભક્તોને સાનંદાશ્ચર્ય થયું અને નામદેવની જય બોલાવી.

જેના હાથનો સ્પર્શ થતાં માટી પણ મણિ બની જાય છે તે માણસ. વળી, કોઈનો મણિ સંતાડાતો હશે ? આ વિચાર પારિસા ભાગવતના મનમાં આવતા, ઘણો પસ્તાવો થયો.

નામદેવને કહ્યું : "મહારાજ, આપની સાચી યોગ્યતા આજે સમજાઈ. આપના ભાગ્યનું શું વર્ણન કરું ? રુક્મિણી માતાની કૃપાથી મને મણિ મળ્યો હતો. એ મણિ સહેજ ખોવાતાં મેં આપનું અપમાન કરી ન કહેવાનું કહી નાખ્યું. કેવળ હાથના સ્પર્શથી માટીનો મણિ કરવાની આપનામાં તો શક્તિ છે. માટે મહારાજ, મારો અપરાધ ક્ષમા કરો. મારા ઉપર કૃપા કરો." આટલું બોલતાં બોલતાં ચરણોમાં લેટી પડ્યો.

નામદેવે પારિસા ભાગવતને પોતાનો શિષ્ય બનાવીને તેનો ઉદ્ધાર કર્યો.

## તીર્થયાત્રા

એક દિવસ આળંદીના સંત જ્ઞાનેશ્વર મહારાજ નામદેવને મળવા પંઢરપુર આવ્યા. તેમનો વિચાર નામદેવને પોતાની સાથે તીર્થયાત્રાએ લઈ જવાનો હતો.

જ્ઞાનેશ્વરને જોતાં જ નામદેવે સાષ્ટાંગ પ્રણામ કર્યા : "મહારાજ, આજે સામે પગલે મારે ઘેર દર્શન દીધાં તેથી ધન્ય થયો છું. સાક્ષાત્ પાંડુરંગનાં દર્શનથી થાય છે તેટલો આનંદ આપનાં દર્શનથી થાય છે."

જ્ઞાનેશ્વર કહે : "નામદેવ, આપ તો સર્વ સંતોમાં શિરોમણી છો. પાંડુરંગની એકચિત્તે ભક્તિ કરી ભાગવત-ધર્મનો ઝંડો ફરકતો રાખ્યો છે. પરંતુ હવે થોડો વખત એકાંતમાં રહી, સાધના કરવાની તમારે જરૂર છે. મેં વિચાર્યું કે હું ભારતભૂમિનાં મુખ્ય મુખ્ય તીર્થસ્થળો નજરે જોઉં. મારી આ યાત્રામાં તમારા જેવો પ્રેમાળ સંત હોય તો ઠીક એવું વિચારી તમને

બોલાવવા અહીં આવ્યો છું. સારો દિવસ જોઈ અહીંથી નીકળીએ."

જ્ઞાનેશ્વરને આમ બોલતાં સાંભળી નામદેવે કહ્યું :

"મહારાજ, જિંદગીમાં મારું સુખ કે દુઃખ જે ગણો તે પાંડુરંગ જ છે. તેમનાં ચરણો છોડી ક્યા સુખને માટે તીર્થયાત્રા કરું? આ લોકના કે પરલોકના કોઈ પણ સુખની હવે ઇચ્છા રહી નથી. પુરુષાર્થ કે મુક્તિની પણ જરૂર નથી. પંઢરપુરમાં એક ભિખારી તરીકે રહી પાંડુરંગના મંદિરના બારણા આગળ એક કૂતરાની માફક પડ્યો રહીશ. જગતનાં સર્વ સુખોને લાત મારી પંઢરપુરનો ભિખારી બન્યો છું. વિઠોબાના ચરણાશ્રય પછી હવે કશાની વાસના રહી જ નથી. જેણે જન્મ આપ્યો ને મારું પાલન–પોષણ કર્યું તે પંઢરીનાથનો તુચ્છ ગુલામ છું. એટલે મહારાજ, મને પૂછવાને બદલે પાંડુરંગને પૂછી જુઓ. રજા આપે તો આવવા તૈયાર છું."

જ્ઞાનેશ્વર કહે, "નામદેવ ! તમે શ્રી વિઠ્ઠલના વહાલા છો, એકનિષ્ઠ ભક્ત છો. તમારા ઉપર એમની પૂરેપૂરી કૃપા છે. શ્રી વિઠ્ઠલની ભક્તિ આગળ તીર્થયાત્રાની કંઈ કિંમત નથી એ વાત સાવ સાચી છે. પરંતુ તીર્થયાત્રા કરવાથી અનેક સંતોના સમાગમમાં અવાય છે, તેથી આપણને પુષ્કળ આધ્યાત્મિક જ્ઞાન મળશે. પણ તમે આગ્રહ કરો છો એટલે પાંડુરંગની રજા લઈને જ નીકળીએ."

બંને જણા પાંડુરંગ પાસે ગયા. જ્ઞાનેશ્વરે પાંડુરંગને પોતાનો વિચાર કહ્યો.

નામદેવને રજા આપવા વિનંતિ કરી. પાંડુરંગ કહે : "જ્ઞાનદેવ, તારો વિચાર કબૂલમંજૂર છે. પણ તારી પાસે એક શરત છે તે ધ્યાનમાં રાખજે. મારી કૃપાથી મોટો થયેલો નામદેવ મને ખૂબ જ પ્રિય છે. તારા જીવની જેમ તેની સંભાળ લેજે. ક્ષણભર પણ તારી નજરથી આળગો થવા દઈશ નહિ. તેં જાતે આવી માગણી કરી છે માટે રજા આપું છું. બાકી નામદેવને મોકલતાં મારો જીવ ચાલતો નથી."

પાંડુરંગે બંનેનાં માથાં ઉપર વરદ હાથ મૂકી આશીર્વાદ આપ્યો.

ચંદ્રભાગામાં સ્નાન કરી તીર્થયાત્રાએ નીકળી પડ્યા. વિસોબા ખેચર, નરહરિ સોની, ચોખા મેળા, ગોરા કુંભાર, નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઈ વગેરે પણ સાથે હતાં.

સંતમંડળી પંઢરપુરની બહાર તો નીકળી, પણ નામદેવનું ચિત્ત તો હજી પાંડુરંગ ઉપર જ ચોટેલું હતું. પંઢરપુર છોડીને જતાં તેમનો જીવ ચાલતો નહોતો. તેથી વળી વળીને પંઢરપુર તરફ પાછી નજર નાખતાં બોલતાં : "હે પંઢરીનાથ ! મને જ્ઞાનેશ્વર મહારાજને સોંપી તું શા માટે પાછો ચાલ્યો જાય છે ? મારી સંભાળ રાખવા તું મારી સાથે કેમ નથી આવતો ? આ પરદેશમાં અને પારકા લોકોમાં જાણે માર્ગ ચૂક્યો હોઉં એમ લાગે છે. મારું નજીકનું ઓળખીતું કોઈ દેખાતું નથી."

નામદેવને આમ બોલતાં સાંભળી, શાંત પાડતાં જ્ઞાનેશ્વરે કહ્યું, "નામદેવ, ગુરુ વિસોબા ખેચરનો ઉપદેશ કેમ વીસરી જાઓ છો ? જે પાંડુરંગ પંઢરપુરમાં છે તે શું તમારા હૃદયમાં નથી ? નામદેવ, થોડો વિચાર કરી જોશો તો પંઢરપુરનો પાંડુરંગ સદાય નજીક જ દેખાશે."

નામદેવ કહે, "મહારાજ પાંડુરંગનાં ચરણોમાં જ મારું તો બધું સુખ સમાઈ ગયું છે. તેનાં ચરણોમાં જે આનંદ દેખાય છે તેવો બીજે ક્યાંય દેખાતો નથી."

જ્ઞાનેશ્વર મહારાજ જબરા યોગી અને જ્ઞાની હતા; જ્યારે નામદેવ જબરા ભક્ત હતા. તેથી બંનેના વિચારોમાં નોંધપાત્ર તફાવત તરી આવતો હતો.

નામદેવ અને જ્ઞાનેશ્વર તીર્થયાત્રા કરતાં કરતાં દ્વારકા પહોંચ્યા.

ત્યાંથી પ્રભાસપાટણ વગેરે તીર્થોની યાત્રા કરી મારવાડ આવ્યા.

મારવાડમાં ત્યારે મોટો દુકાળ ચાલતો હતો. પાણીની તંગીથી સંતોને ખૂબ વેઠવું પડ્યું.

બીકાનેરથી દશ-બાર માઈલ ઉપર કોલાદજી નામનું ગામ છે. ત્યાં આવતાં, બંનેને પાણીની ખૂબ તરસ લાગી. પાણીની તપાસ કરતાં કરતાં એક ઊંડો કૂવો નજરે પડ્યો.

જ્ઞાનેશ્વર તો જબરા યોગી હતા. ફાવે તે રૂપ લઈ શકતા હતા.

સૂક્ષ્મ રૂપ ધારણ કર્યું અને કૂવામાં ઊતરી તરસ છીપાવી.

પરંતુ નામદેવને આ વિદ્યા આવડતી નહોતી, તેથી નામદેવને વિચારમાં પડેલા જોઈ જ્ઞાનેશ્વર કહે : "તમારે પાણી જોઈતું હોય તો મનમાં સંકોચ ન લાવતાં મને સ્પષ્ટ કહો. હું ફરીથી કૂવામાં ઊતરી તમારે માટે પાણી લઈ આવીશ. અભિમાનના માર્યા મૂંગા બેસી, વિના કારણે દુઃખ ન ભોગવતા."

નામદેવ કહે, "મહારાજ, બધાં પ્રાણીઓમાં ઈશ્વરનો વાસ છે તેમ તમે જ કહો છો અને ઉપરથી મારી ચિંતા કરો છો ?"

આટલું કહી તેમણે આંખો બંધ કરી અને મનમાં જ પાંડુરંગને પ્રાર્થના કરી :

"હે વિઠ્ઠલ ! મારો ભાઈ, મિત્ર, જે ગણે તે તું છે. પાણી ન મળવાને કારણે મારો જીવ કંઠે આવ્યો છે. હું યોગી નથી; માત્ર તારો ભક્ત છું. તેથી જ્ઞાનેશ્વરની માફક કૂવામાં ઊતરી પાણી પી શકું એમ નથી. મારી ફિકર-ચિંતા તારે કરવાની છે; કારણ કે, જગતમાં તારા સિવાય મારે બીજો કોઈ આધાર નથી."

નામદેવની પ્રાર્થના હજી તો માંડ પૂરી થઈ હશે ત્યાં જ એ ઊંડા કૂવામાંથી પાણી આપોઆપ ઊંચું આવ્યું અને ઝરણાની માફક વહેવા લાગ્યું !

નામદેવ ઉપર પાંડુરંગની આ કૃપા જોઈ જ્ઞાનેશ્વરને સંપૂર્ણ સંતોષ થયો.

નામદેવે નિરાંતે પાણી પીધું અને જ્ઞાનેશ્વર તરફ જોઈ બોલ્યા : "જોયું ને મહારાજ ! મારી તો બધી ચિંતા પાંડુરંગને સોંપી દીધી છે. અત્યાર સુધી તેણે જ મારું રક્ષણ કર્યું છે. હવે પછી પણ તેણે જ મારું રક્ષણ કરવાનું છે."

કાશી, પ્રયાગ, મથુરા, અયોધ્યા, રામેશ્વર વગેરે તીર્થોની યાત્રા કરી જ્ઞાનેશ્વર નામદેવ આંવઢ્યા નાગનાથ આવી પહોંચ્યા. નાગનાથ મહાદેવનાં દર્શન કર્યા પછી નામદેવે મંદિરના સભામંડપમાં કીર્તન કરવાનો નિર્ણય કર્યો. મંદિરનો પૂજારી બ્રાહ્મણ હતો, એટલે નામદેવ જેવા અબ્રાહ્મણ ભગવાનની સામે ઊભા રહીને કીર્તન કરે તે વાત ગમી નહિ. પણ નામદેવ તો કીર્તનમાં એટલા તલ્લીન થઈ ગયા હતા કે, બ્રાહ્મણની વાત સાંભળી નહિ.

નામદેવની મધુર વાણીના પ્રવાહમાં શ્રોતાઓ પણ એકરસ બની ડૂબી ગયા હતા.

એવામાં નાહીધોઈને પવિત્ર બનેલા, શરીરે ભસ્મ ચોળેલા અને ગળામાં રુદ્રાક્ષની મોટી માળા પહેરેલા કેટલાક બ્રાહ્મણ "સાંબ શિવમ્, સાંબ શિવમ્" કરતાં ત્યાં આવી પહોંચ્યા.

મહાદેવજીને અભિષેક કરવા તેમને અંદર જવું હતું, પરંતુ સભામંડપમાં જામેલી ગિરદીમાંથી કોઈનેય અડક્યા વગર અંદર પહોંચવાનું મુશ્કેલ હતું. તેથી તેઓ ગુસ્સામાં આવી નામદેવ અને તેમના શ્રોતાઓને કહેવા લાગ્યા : "અરે, આ શી ધાંધલ મચાવી છે અહીં ? અહીં બેઠાં બેઠાં કાંસીજોડા શેના કૂટો છો ? આ તે કંઈ પંઢરપુર થોડું છે ? આવા ધતિંગો ત્યાં ચાલે, અમારા નાગનાથમાં ઘડીભર આવું નહિ ચાલવા દઈએ. શંકરના

સ્થાનકમાં વળી વિષ્ણુનું કીર્તન કરતાં શરમ નથી આવતી !"

બ્રાહ્મણોને આમ બોલતાં સાંભળી શ્રોતાઓમાંથી કોઈએ પૂછ્યું, "મહારાજ! શાસ્ત્રમાં તો કહ્યું છે કે શિવ અને વિષ્ણુ વચ્ચે કોઈ ભેદ નથી. બંને એક જ પરમેશ્વરનાં રૂપ છે. શું આ વાત તમને માન્ય નથી ?"

આ શબ્દો સાંભળી વધુ ગુસ્સે થયા : "શાસ્ત્રોમાં શું કહ્યું છે અને શું નથી કહ્યું તેની ચર્ચા કરવાનો અધિકાર બ્રાહ્મણો સિવાય બીજા કોઈને નથી. તમારે તો અમે જે કહીએ તે માનવાનું રહ્યું. અમારી તમને આજ્ઞા છે કે તમે બધા અબઘડી અહીંથી ઊઠીને ચાલતી પકડો; નહિ તો ધક્કા મારી બહાર કાઢવા પડશે."

આ ધમકીની કોઈ અસર શ્રોતાઓ ઉપર થઈ નહિ. બધા પોતપોતાની જગ્યાએ શાંતિથી બેસી રહ્યાં. લોકો તેમની આજ્ઞા તોડી રહ્યા છે એ જોઈ બ્રાહ્મણોના ક્રોધનું તો પછી પૂછવું જ શું ? તેમને લાગ્યું કે ખરેખર કળિયુગ જ આવ્યો છે.

એક બ્રાહ્મણ કહે, "અરે, જુઓ છો શું ? આ નામ્યાને અહીંથી હાંકી કાઢો. તેને અડકવાથી ફરીથી નહાવું પડશે એટલું જ ને ?"

આમ કહી બે બ્રાહ્મણો ધક્કામુક્કી કરતાં કીર્તનમાં ઘૂસ્યા અને નામદેવને કહેવા લાગ્યાઃ "અમારે શંકરને અભિષેક કરવા અંદર જવું છે. પણ આ ગિરદીને લીધે અંદર જવાનો માર્ગ નથી. તારા આ ભક્તિમાર્ગથી અમારો વેદધર્મ આજે ડૂબી રહ્યો છે. તારે કીર્તન કરવું હોય તો મંદિરના પાછલા ભાગે જઈ નિરાંતે કર. ત્યાં કોઈ રોકવા આવવાનું નથી."

નામદેવે નમસ્કાર કરી કહ્યું : "તમારી આજ્ઞા મને માન્ય છે."

આમ કહી તેઓ દેવળના પાછલા ભાગમાં ગયા અને ત્યાં કીર્તન કરવા લાગ્યા.

ખરે તાકડે કીર્તનમાં ભંગ પડ્યો તેથી શ્રોતાઓ નિરાશ થયાં.

નામદેવ બહાર નીકળ્યા એટલે શ્રોતાઓ પણ તેમની પાછળ ગયાં અને મહાદેવના પાછલા ભાગમાં જઈ કીર્તન સાંભળવા લાગ્યાં. તે બોલ્યાં : "આજના આપણા કીર્તનમાં એક જ ઊણપ છે. નાગનાથે આપણા તરફ પીઠ ફેરવી છે, તેથી આપણું કીર્તન સંપૂર્ણ નથી. કોણ જાણે ભગવાનનો શો અપરાધ મેં કર્યો હશે કે તેણે મારા ઉપર આજે કૃપા નથી કરી !"

નામદેવના મોંમાંથી આ શબ્દો બહાર પડતાં જ એક ચમત્કાર થયો.

નાગનાથ મહાદેવનું મોં પૂર્વ બાજુ હતું તે ફરીને પશ્ચિમ બાજુનું થયું.

નામદેવ હવે નાગનાથની બરાબર સામે આવી ઊભા ! બધા શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ ગયા. આનંદમાં આવી નામદેવની જય બોલાવવા લાગ્યા.

મંદિરની પૂજામાં જે બ્રાહ્મણ વ્યસ્ત હતા તેમને મંદિર ફરી ગયું તે વાતની ખબર જ ન પડી! સવારમાં સૂર્યોદય થતાં મંદિરની બહાર નીકળે છે તો નામદેવનું કીર્તન હજુ અખંડિત ચાલુ જ હતું.

પાસેથી વહી જતી નદીમાં સ્નાન કરી સૂર્યને અંજલિ આપવા જાય છે ત્યાં તો તેમને આજે સૂર્ય પશ્ચિમમાં ઊગેલો જણાયો !

તેઓ અંદર અંદર બોલવા લાગ્યા : "અરે, આપણી કંઈ ભૂલ તો નથી થતી ને ? આખી રાત જાગવાથી કંઈ ભ્રમ તો નથી થતો ને ?"

ફરીથી આંખો ચોળી જોયું ત્યારે સમજાયું કે ના, ના, નાગનાથે જ દેવળનું મોં ફેરવ્યું છે.

આવા મહાન ભક્તનું અપમાન કરવા બદલ પસ્તાવો થયો. માફી માગી પ્રણામ કર્યા.

આ જ આંવઢ્યા નાગનાથમાં હરિપાળ નામનો લૂંટારો રહેતો હતો. તે વિઠોબાનો જબરો ભક્ત હતો. પણ ધંધો ચોરીનો હતો. તેમ છતાં વિઠ્ઠલની ભક્તિ ના કરે તેને જ લૂંટતો હતો.

એક દિવસ આ ગામની નજીક ટેકરી ઉપર હાથમાં ધનુષ્યબાણ લઈ એકાદ શિકારની રાહ જોતો હરિપાળ બેઠો હતો.

એવામાં દૂરથી જ્ઞાનેશ્વર ને નામદેવને ત્યાંથી પસાર થતાં જોયા.

તેને થયું કે ચાલો, આજે સારો શિકાર મળી ગયો; એટલે ટેકરી પરથી હેઠે ઊતર્યો.

પણ નીચે આવીને જુએ છે તો નામદેવ વિઠ્ઠલના નામની ધૂનમાં મસ્ત હતા.

આ કોઈ મોટા ભક્ત હોવા જોઈએ એમ વિચારી હરિપાળ પગે પડ્યો.

નમ્રતાથી પૂછ્યું:

"આપ કોણ છો? ક્યાંથી આવો છો? ક્યાં જઈ રહ્યા છો?"

નામદેવે બધા સંતોની ઓળખાણ આપી અને તીર્થયાત્રા માટે જઈ રહ્યા છે એમ કહ્યું.

હરિપાળ પંઢરપુરનો યાત્રાળુ હતો, એટલે આ પહેલાં નામદેવ વગેરે સંતોનાં નામ સાંભળ્યાં હતાં. નામદેવ જેવા સંતનાં દર્શન થવાથી ઘણો આનંદ થયો.

તેમને પોતાને ઘેર લઈ ગયો અને જમવા માટેનો આગ્રહ કર્યો.

હરિપાળે ઘેર જઈ તપાસ કરી તો પત્નીએ કહ્યું: "ઘરમાં તો ધાનનો દાણો સુદ્ધાં નથી."

આ સાંભળી હરિપાળને ઘણું દુઃખ થયું.

જંગલમાં જઈ કોઈ વટેમાર્ગુને લૂંટવાનો વિચાર કરી તે પેલી ટેકરી ઉપર આવી બેઠો.

પણ આજે તેને કોઈ શિકાર સાંપડ્યો નહિ. તે મનમાં બોલ્યો: "આજે નામદેવ જેવા સંત મારે ત્યાં પધાર્યા છે અને હું તેમને જમવાની વ્યવસ્થા પણ ન કરી શકું તો શા કામનું? તેના કરતાં તો મોત બહેતર છે."

આત્મહત્યા કરવા હરિપાળ તલવાર ઉગામે છે ત્યાં જ એક શાહુકારના વેશમાં રથમાં બેસી પાંડુરંગ એ રસ્તેથી નીકળ્યા.

સાથે સુંદર વસ્ત્રો અને કિંમતી દાગીના પહેરી રુક્મિણી પણ બેઠાં હતાં.

તેમને જોઈ હરિપાળને ઘણો આનંદ થયો. આત્મહત્યાનો વિચાર પડતો મેલી બોલ્યો:

"આખરે પાંડુરંગે મારા ઉપર કૃપા કરી ખરી."

આમ કહી તે ઝટ દઈ ટેકરી પરથી નીચે ઊતર્યો અને પેલા શાહુકારનો રથ અટકાવી બોલ્યો, "એ શેઠ, તમારું નામ શું છે અને તમે કોણ છો તે કહીને આગળ જાઓ."

શાહુકારના વેશમાં પાંડુરંગે કહ્યું: "મારું નામ જગત્પાળ શેઠ છે. આ મારી પત્ની છે."

"તમે ક્યારેય પંઢરપુર જઈ પાંડુરંગના દર્શન કરો છો? અગર તો ઘેર પણ તેનું સ્મરણ કરો છો?" હરિપાળે પૂછ્યું.

"અમે તારા પાંડુરંગને ઓળખતા નથી અને પંઢરપુરનેય પિછાણતા નથી. એવા દેવની ભક્તિ તો તમે ચોરલોકો કરો. અમારે તારા એ દેવનું મોં સુદ્ધાં જોવું નથી." શાહુકારે કહ્યું.

પાંડુરંગની આવી નિંદા સાંભળી હરિપાળને ભારે ગુસ્સો ચઢ્યો:

"મૂર્ખ, મારા ભગવાનને ગાળો દેતાં શરમ નથી આવતી? તારા દરદાગીના પહેલા ઉતારી નાખ. તારે માથે મોત ભમી રહ્યું લાગે છે આજે."

આટલું કહી હરિપાળ રથ ઉપર ચડ્યા. શાહુકારનો હાથ પકડી નીચે ખેંચ્યો.

પછી ચોટલી પકડી કહે, "હરામખોર, મારા પંઢરીનાથની નિંદા કરે છે એટલે તારું ડોકું

હમણાં ને હમણાં ઉડાવી દઉં છું. જોઉં છું, બીજો ક્યો દેવ બચાવવા આવે છે તને !"

આટલું કહી શાહુકારને મારવા માટે તલવાર ઉગામી.

શાહુકારની પત્ની આંખમાં આસું લાવી બોલીઃ "ભાઈ, તને પગે પડું છું. મારા દેહ પરના દરદાગીના લઈ લે, પણ એમને જીવતા જવા દે. શ્રી વિઠ્ઠલ તારું કલ્યાણ કરશે."

પણ હરિપાળે તો તેનું કંઈ સાંભળ્યું નહિ. શાહુકારની પત્ની કહે, "એમને મારીશ તો તને શ્રી વિઠ્ઠલની આણ છે." આ સાંભળતાં જ હરિપાળે તલવાર મૂકી દીધી.

શાહુકારને છોડી, તેના દરદાગીના લઈ, ખુશ થતો ઘેર આવ્યો.

બજારમાં જઈ કેટલાક દાગીના વેચી, રસોઈની સામગ્રી ખરીદી. સુંદર રસોઈ બનાવી, બધા સંતોને જમાડ્યા. રાત્રે કીર્તન પૂરું થયા પછી નામદેવે હરિપાળને પૂછ્યું:

'આજે પાછા આવતાં મોડું કેમ થયું ?' ત્યારે હરિપાળે જગત્પાળ શેઠની બધી વાત કહી.

નામદેવ તુરત જ સમજી ગયા કે આ જાગત્પાળ શેઠ તે બીજું કોઈ નહિ પણ પ્યારા પાંડુરંગ પોતે જ હતા.

## પાછા પંઢરપુરમાં

નામદેવ તીર્થયાત્રા કરી પાછા પંઢરપુર આવ્યા ત્યારે ખુદ પાંડરંગ અને નરહરિ સોનાર, પારિસા ભાગવત વગેરે સંતોએ સ્વાગત કર્યું.

મહારાષ્ટ્રમાં એવો રિવાજ હોય છે કે જ્યારે કોઈ બ્રાહ્મણ તીર્થયાત્રા કરી પાછો ફરે ત્યારે ગામલોક તરફથી સ્વાગત થાય અને ગામના બ્રાહ્મણોને યાત્રાળુ જમાડે.

પાંડુરંગ જાતે બ્રાહ્મણનું રૂપ લઈ નામદેવ વતી આમંત્રણ આપવા પધાર્યા હતા.

નામદેવની સાથે તીર્થયાત્રામાં નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સોપાનદેવ, જગમિત્ર નાગા, સાવંતા માળી, ચોખા મેળા, વિસોબા ખેચર, ભાનુદાસ, જાલ્હણ, વંકા વગેરે સંતો પણ હતા. આ સંતોએ દેવળની પ્રદક્ષિણા કરી બ્રાહ્મણોને જમવાનું આમંત્રણ આપ્યું.

નામદેવની સાથે ફરતાં બ્રાહ્મણને જોઈ પંઢરપુરના બ્રાહ્મણોએ પૂછ્યું : "મહારાજ, આપનું નામ શું ? અહીં ક્યાં ઊતર્યા છો ? નામદેવની સાથે આપ કેમ ફર્યા કરો છો ?"

બ્રાહ્મણરૂપધારી ભગવાને કહ્યું : "મારું નામ અનંત. પાંડુરંગના મંદિરમાં હું રહું છું. નામદેવ મારો ખાસ મિત્ર છે, એટલે તેની જોડે ફર્યા કરું છું."

મુકરર સમયે બ્રાહ્મણો જમવા આવ્યા. પંગત પીરસાઈ ગયા બાદ પાંડુરંગે નામદેવ પાસે સંકલ્પ મુકાવ્યો. બધા જમી રહ્યા બાદ અનંત બ્રાહ્મણનું એકંદર વર્તન જોઈ અને ખાસ કરીને તેમને નામદેવનું એંઠું ખાતાં જોઈ કેટલાક બ્રાહ્મણોનાં મનમાં શંકા જાગી. અંદરોઅંદર વાતો કરવા લાગ્યા : "આ અનંત કોઈ વિચિત્ર બ્રાહ્મણ લાગે છે. કોણ જાણે એણે શોય જાદુ કર્યો, પણ નામદેવ આપણી સાથે એક જ પંગતમાં બેસી જમ્યા, તોય આપણને ખબર પડી નહિ. આજે જબરો ભ્રષ્ટાચાર થયો ! નામદેવ ઉપર તેનો જબરો પ્રેમ લાગે છે."

એક બ્રાહ્મણ કહે, "અરે, હવે થયું તે થયું. પણ ગામમાં આ વાત ફેલાય નહિ તેની તકેદારી રાખજો."

બીજો બ્રાહ્મણ કહે, "આપણે આ અનંત ભટ્ટની ખબર લઈ નાખીએ. આપણે કંઈ જાણીબૂઝીને કોઈ પાપ કર્યું નથી, એટલે તેમાં કંઈ દોષ નથી એવું શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે."

આમ નક્કી કરી બ્રાહ્મણો પાણીના લોટા લઈ ઘેર આવવા નીકળ્યા.

તેમનાં ઊતરેલાં મોં જોઈ પાંડુરંગે પૂછ્યું: "મહારાજ, તમારાં મોં આમ ઊતરેલાં કેમ છે ? તમારા મનમાં જે કંઈ શંકા હોય તે સ્પષ્ટ કહી દો."

બ્રાહ્મણ કહે, "અનંત ભટ્ટજી, આ નામદેવ ગમે તેવા સંત હોય, પણ આખરે તો એક સામાન્ય દરજી જ છે. તેમનું એંઠું પણ તમે ખાધું એ કેવો ભારે ભ્રષ્ટાચાર કહેવાય ?"

બ્રાહ્મણોની વાત સાંભળી પાંડુરંગે કહ્યું: "જેની વાણી, વિચાર ને વર્તન પવિત્ર છે તે કદી વટલાતો નથી. દરેક મનુષ્યનાં શરીર એકસરખી માટીમાંથી જ ઘડાયેલાં છે. તમે બધા વેદ જાણો છો અને ધર્મનિષ્ઠ હોવાનો દાવો કરો છો, પરંતુ હજુ સુધી આત્મજ્ઞાન થયું નથી."

બ્રાહ્મણો બિચારા શરમાઈને પોતપોતાને ઘેર પાછા ફર્યા.

પંઢરપુરમાં એક શાહુકાર રહેતો હતો. તે પોતાના વજન જેટલું દ્રવ્ય બ્રાહ્મણોને અને ગરીબગુરબાને દાનમાં આપતો. એક દિવસ તેને વિચાર આવ્યો:

"આ નામદેવ ભગવાનના જબરા ભક્ત છે એ વાત સાચી, પણ ઘેર તો હાંલ્લાં કુસ્તી કરે છે. એટલે થોડું દ્રવ્ય તેમનેય આપું."

આમ વિચારી નામદેવને બોલાવ્યા અને મનની વાત કહી.

નામદેવ કહે, "શેઠજી, તમારી પાસે પુષ્કળ પૈસા છે અને તે દાનમાં આપવા મારા જેવા ગરીબ માણસને યાદ કર્યો તેથી ઉપકાર માનું છું. પણ હું ભિખારી નથી. કોઈનું દાન લેતો નથી. શ્રી વિઠ્ઠલની કૃપાથી મારી પાસે એવું અલૌકિક દ્રવ્ય છે કે જેની આગળ તમારી તો શું પણ કુબેરની સંપત્તિ પણ ઓછી પડે." શાહુકાર કહે, "એ કેમ બને ભલા ?"

નામદેવ કહે, "ચાલો, તમારી અને મારી સંપત્તિની આપણે તુલના કરી જોઈએ."

"ઠીક છે." કહી શાહુકારે ત્રાજવાના એક પલ્લામાં થોડું દ્રવ્ય મૂક્યું. નામદેવે બીજા પલ્લામાં એક તુલસીપત્ર ઉપર "રામ" એટલો શબ્દ લખી તે તુલસીપત્ર મૂક્યો. છતાં તુલસીપત્રવાળું પલ્લું નીચું જ રહ્યું. શાહુકારે બીજું દ્રવ્ય મૂક્યું છતાં તુલસીપત્રવાળું પલ્લું ના નમ્યું તે ના જ નમ્યું. એમ કરતાં શાહુકારે પોતાની સઘળી સંપત્તિ પલ્લામાં ઠાલવી દીધી, છતાં એ પલ્લું તો ઊંચું ને ઊંચું જ રહ્યું. પોતાની સંપત્તિ અંગેનું શાહુકારનું ગુમાન ગળી ગયું. નામદેવનાં ચરણોમાં માથું મૂકી દીધું અને આખી જિંદગી તેમનો ભક્ત બની રહ્યો.

## સમાધિ

ધીરે ધીરે કરતાં નામદેવ મહારજ ૮૦ વર્ષના થયા હતા.

તેમના સમકાલીન સંતો એક-પછી-એક પ્રભુધામમાં વિદાય થયા હતા.

ઘડપણને લીધે હવે લોકોને ઉપદેશ આપી શકતા નહિ.

આંખે પૂરું દેખાતું પણ નહિ. આ સ્થિતિમાં જીવનનો બોજો વહેવાનું અશક્ય થઈ પડ્યું.

તેમણે સમાધિ લેવાનો પાકો નિર્ણય કર્યો.

પંઢરપુરના મંદિરના મુખ્ય બારણા નજીક જ સમાધિ લેવાનું નક્કી કર્યું.

નામદેવ મહારાજ સમાધિ લેવાના છે એ વાત વાયુવેગે ચોતરફ પ્રસરી ગઈ.

તેમનાં અંતિમ દર્શન કરવા સાધુસંતો, તેમના શિષ્યો ને ભાવિક માણસોનાં ટોળેટોળાં પંઢરપુર આવવા લાગ્યાં.

આખરે શક ૧૨૭૨ અષાઢ વદ ૧૩નો દિવસ આવી પહોંચ્યો.

આજે નામદેવ મહારાજ સમાધિ લેવાના હતા.

આકાશમાં સૂર્ય ઊગતાં નામદેવ મહારાજ બધાં લોકો સાથે ભજન કરતાં કરતાં મંદિરે આવી પહોંચ્યા. લોકો પણ હરિનામના ભજનમાં મસ્ત હતાં.

મંદિરે આવ્યા પછી નામદેવે શ્રી વિઠ્ઠલનાં ચરણોમાં પોતાનું માથું મૂક્યું.

ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા : "હે દેવ, તેં અત્યાર સુધી મારી ખૂબ સંભાળ લીધી છે. મારા ઉપર અનેક ઉપકાર કર્યા છે. એનો બદલો કદી વાળી શકું એમ નથી. તારી પાસે છેવટની એક જ માગણી છે કે હવે પછીનો જન્મ ગમે તે જાતિમાં થાય, ગમે તે કુળમાં થાય, પણ મને તારું નામ વીસરવા દઈશ નહિ. આ સિવાય બીજી કોઈ જ ઇચ્છા નથી."

આટલું કહી તેમણે એકવાર ફરીથી શ્રીવિઠ્ઠલનાં ભાવભર્યાં દર્શન કર્યાં અને સમાધિ માટે જે જગ્યા નક્કી કરવામાં આવી હતી ત્યાં પહોંચ્યા. મૃત્યુ નજીક જ હતું છતાં તેમને શોક નહોતો. જાણે કોઈ સ્વજનને મળવા જતા હોય તેવો આનંદ તેમના મોં ઉપર હતો.

સમાધિની જગ્યા ઉપર બેસી લોકોને ઉદ્દેશી બોલ્યા : "હવે તમારી કાયમી વિદાય લઉં છું. મારા પછી ભાગવતધર્મના પ્રચારનું મારું કામ ચાલુ રાખજો. દુષ્ટ લોકો આ પવિત્ર કામમાં અનેક વિઘ્નો ઊભા કરશે. પણ તેથી ડરી ન જશો, તમારું કામ બમણા જોશથી ચાલુ રાખજો. એમાં પ્રાણની પરવા ન કરશો. શ્રી વિઠ્ઠલ સદાય તમારી મદદે જ રહેશે."

આટલું કહી, સર્વેને નમસ્કાર કરી, સમાધિમાં ઊતર્યા.

શ્રી વિઠ્ઠલના એ એકનિષ્ઠ ભક્ત, ભાગવતધર્મના પ્રચારક વૈકુંઠવાસી બન્યા. પણ મહારાષ્ટ્રમાં અને ભારતમાં એક પણ હિંદુ જીવતો હશે ત્યાંસુધી નામદેવ મહારાજ તો અમર જ રહેવાના છે !